RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914


# રાજકોટ મિરર


RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 197 Dt. 9-11-2024 Page : 08 Price : Rs 3

**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA

**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર દરમિયાન વડાપ્રધાને મહા વિકાસ અઘાડીને લીધું આડે હાથ

# એક હે તો સેફ હે : મોદી

## કોંગ્રેસ, શિવસેના (ઉધવ) અને NCP એક એવું વાહન જેમાં ન તો વ્હીલ છે , ન તો બ્રેક્સ અને તે ડ્રાઈવરની સીટ પર બેસવા માટે હરીફાઈ કરે છે



નવીદિલ્હી, તા. ૮
મહારાષ્ટ્રમાં મતદાનને આડે બે સપ્તાહથી પણ ઓછો સમય બાકી છે અને ચૂંટણી પ્રચાર તેજ થવાનો છે. બે મુખ્ય ગઠબંધનના ટોચના નેતાઓ મતદારોને રીઝવવા માટે દિવસમાં ઘણી રેલીઓ કરી રહ્યા છે. ગઈકાલે મહારાષ્ટ્રના ધુલેમાં એક રેલીને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર એક જાતિને બીજી જાતિ સામે લડવાનો આરોપ મૂક્યો હતો અને લોકોને એક થવાનું આહ્વાન કરતાં કહ્યું હતું કે, જો એક છે, તો અમે સુરક્ષિત છીએ. મોદીએ કટાક્ષ કર્યો કે મહા વિકાસ અઘાડી (MVA), જેમાં કોંગ્રેસ, શિવસેના (ગ્દ્બઝ) અને NCP (SP), એક એવું વાહન છે જેમાં ન તો વ્હીલ છે કે ન તો બ્રેક્સ અને તે ડ્રાઈવરની સીટ પર બેસવા માટે હરીફાઈ કરે છે. દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) રાજીવ કુમારે ચૂંટણી પ્રચાર દરમિયાન મહિલાઓ વિરુદ્ધ કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીઓની નિંદા કરી હતી અને આવી ટિપ્પણી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ભાજપ મહાયુતિ ગઠબંધનનો ભાગ છે, જેમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી પણ સામેલ છે. તેમનો વિરોધ મહા વિકાસ અઘાડી (MVA) ગઠબંધન છે, જેમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT), શરદ પવારની NCP (SP) અને કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે.

૨૮૮ સભ્યોની વિધાનસભા માટે ૨૦ નવેમ્બરે ચૂંટણી યોજાશે અને ૨૩ નવેમ્બરે મતગણતરી થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ અઠવાડિયે સમગ્ર મહારાષ્ટ્રમાં નવ રેલીઓ કરશે, શુક્રવારથી ધુલેથી શરૂ થશે. આ રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે ભાજપના પ્રચારનો એક ભાગ છે. ધુળેમાં એક રેલીને સંબોધતા પીએમ મોદીએ મહાયુતિ સરકાર હેઠળ રાજ્ય માટે સતત વિકાસનું વચન આપ્યું હતું અને કોંગ્રેસ પાર્ટી પર વિવિધ આધારો પર પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવાના પ્રસ્તાવને લઈને જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં તાજેતરમાં થયેલા હંગામા બાદ કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોક પાર્ટીઓ પર કાશ્મીર વિરુદ્ધ ''ષડયંત્ર'' કરવાનો આરોપ લગાવ્યો હતો. નાસિકમાં, પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટી પર તેમનો હુમલો ચાલુ રાખ્યો અને તેના પર ''જૂઠાણાની દુકાન'' ખોલવાનો આરોપ લગાવ્યો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ સરકારો દ્વારા બનાવવામાં આવેલી યોજનાઓ પક્ષને ''મહત્તમ ભ્રષ્ટાચાર'' કરવા દે છે. પીએમ મોદીએ સંયુક્ત શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેની પણ પ્રશંસા કરી અને વિચારધારામાં મતભેદો પર એમવીએ ગઠબંધન પર પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો. ૯ નવેમ્બરે પીએમ મોદી અકોલામાં બપોરે ૧૨ વાગ્યે અને નાંદેડમાં બપોરે ૨ વાગ્યે સંબોધન કરશે. ૧૨ નવેમ્બરે તેઓ ચિમુર અને સોલાપુરમાં રેલીઓને સંબોધિત કરશે અને સાંજે પુણેમાં રોડ શોમાં હાજરી આપશે.



# કાશ્મીરના કિશ્તવાડમાં સર્ચ ઓપરેશન આતંકીઓની શોધખોળ શરૂ

## ગ્રામ રક્ષકોના મૃતદેહ મેળવવા સૈન્યએ કમર કસી

નવીદિલ્હી, તા. ૮
જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં બે ગ્રામ રક્ષા રક્ષકોના મૃતદેહ મેળવવા અને તેમની હત્યા માટે જવાબદાર આતંકવાદીઓને શોધવા માટે એક વિશાળ કોર્ડન અને સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે કિશ્તવાડ જિલ્લાના ઉચ્ચ પ્રદેશોમાં વિલેજ ડિફેન્સ ગાર્ડ્સ (VDGs) ને આતંકવાદીઓએ અપહરણ કર્યા પછી માર્યા ગયા હતા.

ગાઢ જંગલ વિસ્તારમાં થયેલી ભીષણ હત્યાઓને પગલે પોલીસ, આર્મી અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે, જેને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને પીપલ્સ ડેમોક્રેટિકના નેતાઓએ વખોડી કાઢી છે. પાર્ટી, કોંગ્રેસ અને ભાજપના નેતાઓએ કર્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓપરેશન કુંટવારા, ઓહલી અને મુંજલા ધાર પર્વતીય વિસ્તારોમાં કેન્દ્રિત છે, જ્યાં આજે સવારે વધારાના દળો મોકલવામાં આવ્યા હતા. સુરક્ષા દળોએ ડ્રોન અને સ્નિફર ડોગ્સને તૈનાત કરીને પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા છે, તેમણે જણાવ્યું હતું કે, આજે સવારે એક હેલિકોપ્ટર જંગલ વિસ્તારમાં ફરતું જોવા મળ્યું હતું. ''ઓહલી-કુંતવાડાના બે VDG સભ્યો, નઝીર અહેમદ અને કુલદીપ કુમાર, ઢોર ચરતી વખતે ઉપરના વિસ્તારોમાં ગુમ થયા હતા,'' પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું. મૃતદેહોના ફોટોગ્રાફ્સ બાદમાં સોશિયલ મીડિયા પર ફરતા કરવામાં આવ્યા હતા અને પરિવારના સભ્યો દ્વારા તેમની ઓળખની પુષ્ટિ કરવામાં આવી હતી, એમ પ્રવક્તાએ જણાવ્યું હતું.

જવાબમાં, પોલીસ અને સેના દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. અપડેટ્સ પછીથી આપવામાં આવશે,'' તેમણે કહ્યું. અધિકારીઓએ જણાવ્યું કે અહેમદ અને કુમાર અધવારીના મુંજલા ધાર જંગલમાં પશુઓ ચરાવવા ગયા હતા પરંતુ પાછા ફર્યા ન હતા. આતંકવાદીઓ દ્વારા તેના અપહરણ અને ત્યારબાદ હત્યાના અહેવાલો વચ્ચે પોલીસની ટીમો તેને શોધવા માટે ફેલાઈ ગઈ હતી. તેણે કહ્યું કે પરિવાર ઊંડો આઘાતમાં છે કારણ કે કુમારની તેના પિતા અમર ચંદની હત્યાના એક અઠવાડિયા પછી જ હત્યા કરવામાં આવી હતી. નામ ન આપવાની શરતે બોલતા એક સ્થાનિક સ્ત્રોતે જણાવ્યું હતું કે જ્યારે આતંકવાદીઓએ તેમની હત્યાના ફોટોગ્રાફ્સ શેર કરવા માટે પીડિતોના ફોનનો ઉપયોગ કર્યો ત્યારે ગામને આ હત્યાઓ વિશે જાણ થઈ હતી. પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદની શાખા કાશ્મીર ટાઈગર્સે હત્યાની જવાબદારી સ્વીકારી હતી અને આંખે પાટા બાંધેલા પીડિતોની તસવીરો શેર કરી હતી. કિશ્તવાડ, જમ્મુ ક્ષેત્રના રાજૌરી, પુંછ, રિયાસી, ઉધમપુર, ડોડા અને કઠુઆ જેવા અન્ય જિલ્લાઓ સાથે, આ વર્ષે આતંકવાદી હુમલાઓમાં વધારો થયો છે, જેને સુરક્ષા એજન્સીઓએ માસ્ટર્સ દ્વારા અન્યથા શાંતિપૂર્ણ પ્રદેશમાં આતંકવાદના પુનરુત્થાનને આભારી છે. સરહદ પારથી તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર સિંહાએ ટઉઋ સભ્યો પરના જઘન્ય આતંકવાદી હુમલાની સખત નિંદા કરી અને તમામ આતંકવાદી સંગઠનોનો નાશ કરવા અને બર્બર કૃત્યનો બદલો લેવા સરકારના સંકલ્પને પુનરોચ્ચાર કર્યો.

# કોઈને તકલીફ પડી હોય તો કરજો માફ : CJI ચંદ્રચૂડ

## વિદાય સમારંભમાં ચીફ જસ્ટીસે કહ્યું, અહીંયા મુસાફરો જેવા છીએ, જેઓ થોડો સમય આવે છે, કામ કરે છે અને ચાલ્યા જાય છે



નવીદિલ્હી, તા. ૮
ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડને રવિવારે પદ પરથી મુક્ત કરવામાં આવશે. પરંતુ ૯ અને ૧૦મીએ શનિવાર અને રવિવારે કોર્ટમાં રજા રહેશે. તેથી તેમના માનમાં આજે જ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટમાં આજે તેમનો છેલ્લો કામકાજનો દિવસ છે. જસ્ટિસ સંજીવ ખન્ના ૧૦ નવેમ્બરે નિવૃત્ત થયા બાદ જસ્ટિસ ચંદ્રચુડનું સ્થાન લેશે. તેઓ દેશના ૫૧મા મુખ્ય ન્યાયાધીશ હશે જસ્ટિસ ચંદ્રચુડે ૯ નવેમ્બર ૨૦૨૨ના રોજ ભારતના ૫૦મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા. ૧૩ મે ૨૦૧૬ ના રોજ, તેઓ અલ્હાબાદ હાઈકોર્ટમાંથી ઉન્નત થયા. વિદાય સમારંભમાં જસ્ટિસ ચંદ્રચુડે ભાવુક થઈને કહ્યું, 'રાત્રે હું વિચારી રહ્યો હતો કે બપોરે બે વાગ્યે કોર્ટ ખાલી થઈ જશે અને હું મારી જાતને સ્ક્રીન પર જોઈ રહ્યો છું. આપ સૌની હાજરીથી હું અભિભૂત છું. CJIએ કહ્યું, 'જ્યારે હું નાનો હતો ત્યારે હું સુપ્રીમ કોર્ટમાં આવતો હતો અને અહીંની કાર્યવાહી અને કોર્ટમાં પ્રદર્શિત બે તસવીરો જોતો હતો. બોમ્બે હાઈકોર્ટમાં પણ જસ્ટિસ ચાગલાનો ઘણો પ્રભાવ હતો, એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે આગળ કહ્યું, 'અમે બધા અહીંયા મુસાફરો જેવા છીએ, જેઓ થોડો સમય આવે છે, અમારું કામ કરે છે અને પછી જાય છે. કોર્ટના રૂપમાં આ સંસ્થા હંમેશ માટે ચાલુ રહેશે અને વિવિધ વિચારો ધરાવતા લોકો તેની પાસે આવતા રહેશે. મને વિશ્વાસ છે કે મારા પછી જસ્ટિસ ખન્ના આ સંસ્થાને તાકાત અને ગૌરવ સાથે આગળ લઈ જશે. કોઈ પણ કેસ પહેલા જેવો નથી. જો મેં કોર્ટમાં કોઈને કોઈ તકલીફ પહોંચાડી હોય, તો હું નમ્રતાપૂર્વક માફી માંગુ છું. અંતમાં આભાર માનતા જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું, તમારા બધાનો હૃદયપૂર્વક આભાર, તમે આટલી મોટી સંખ્યામાં અહીં આવ્યા. આ માટે હું હંમેશા આભારી રહીશ.

જસ્ટિસ ચંદ્રચૂડના વિદાય સમારંભમાં બોલતા સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ કપિલ સિબ્બલે કહ્યું કે, અમે કોઈપણ જજની ટીકા કરી શકીએ છીએ, કારણ કે જીવનમાં સંપૂર્ણતા જેવી કોઈ વસ્તુ નથી. સત્ય પણ હંમેશા સરખું હોતું નથી. પૂર્ણતા અને સત્ય બંને સમાન છે (સમય અને પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે). આપણે જે સમય અને સંજોગોમાં જીવીએ છીએ તેના આધારે વ્યક્તિ અથવા ન્યાયાધીશનું મૂલ્યાંકન કરવું જોઈએ. જ્યારે આપણે જસ્ટિસ ચંદ્રચુડ વિશે લખીશું, ત્યારે તેમના નિર્ણયો, તેમના વર્તન, તેમની સાદગી, તેમની ધીરજ વિશે ચર્ચા કરીશું. આ બધા ગુણો મહાન ન્યાયાધીશના છે.

# ગુજરાતી શ્રદ્ધાળુઓને નડ્યો અકસ્માત : ત્રણના મોત

## વૃંદાવન જતા બસમાં સવાર તમામ ૫૦ યાત્રીઓ અમદાવાદના રહેવાસી : આઠ યાત્રીકોને ગંભીર ઈજા



રાજકોટ, તા. ૮
અયોધ્યાના ફિરોઝાબાદ જિલ્લામાં અમદાવાદથી અયોધ્યા શ્રદ્ધાળુઓને દર્શન કરાવવા લઈ જઈ રહેલી લક્ઝરી બસનો અકસ્માત થયો છે. લખનઉ આગ્રા એક્સપ્રેસ વે પરથી વૃંદાવન જઈ રહેલી શ્રદ્ધાળુઓની બસ આજે સવારે રસ્તા પર ઉભેલા ટેન્કર સાથે અથડાઈ ગઈ હતી. જેના કારણે તેમા સવાર ત્રણ તીર્થયાત્રીઓનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. પોલીસે જાણકારી આપતા જણાવ્યું કે, હોસ્પિટલમં અન્ય પાંચ ગંભીર રીતે ઘાયલ લોકોની સારવાર ચાલી રહી છે.

આ દુર્ઘટના વિશે જાણકારી આપતા પોલીસ અધીક્ષક ગ્રામીણ અખિલેશ ભદૌરીયાએ જણાવ્યું છે કે, ગુજરાતના અમદાવાદથી ઉત્તર પ્રદેશની તીર્થયાત્રા પર નિકળેલા શ્રદ્ધાળુઓની એક બસ એક્સપ્રેસ હાઈવે પર દુર્ઘટનાનો શિકાર બની છે. આ બસ રોડ પર ઉભેલા એક ટેન્કર સાથે અથડાઈ હતી. જેના કારણે બસમાં સવાર આઠ યાત્રીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમણે વધુમા કહ્યું કે, ગુજરાતના લગભગ ૪૦ તીર્થયાત્રીઓ બસમાં સવાર હતા અને અયોધ્યાથી વૃંદાવન તરફ જઈ રહ્યા હતા. આ દુર્ઘટના આજે સવારે છ વાગે બની હતી. જેના પછી તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.પોલીસ અધીક્ષક (એસપી) ગ્રામીણે જણાવ્યું કે, હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તોમાંથી રાધાબેન (ઉં.વ. ૬૦), ઈશા પટેલ (બે વર્ષ) અને યુગ (૧૩ વર્ષ)નું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ત્યાં જ અન્ય પાંચ ઈજાગ્રસ્ત લોકોની સારવાર ચાલી રહી છે.

અચાનક થયેલી દુર્ઘટના સમયે લગભગ બધા યાત્રીઓ સૂઈ રહ્યા હતા, જેના કારણે બધા એકબીજા પર પડ્યા અને સીટો સાથે અથડાયા. અકસ્માત થતાં જ બધા યાત્રીઓ બૂમાબૂમ કરવા લાગ્યા. આ દરમિયાન થોડી જ વારમાં પોલીસ પહોંચી ગઈ. એમ્બ્યુલન્સ અને અન્ય વાહનોથી પોલીસે બસ યાત્રીઓને મીરાનપુર કતરા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર મોકલ્યા, જ્યાં સ્ટાફે તાત્કાલિક સારવાર શરૂ કરી. આ દરમિયાન ગંભીર રીતે ઘાયલ ડ્રાઈવર મુકેશ સહિત પાંચ લોકોને શાહજહાંપુર મેડિકલ કોલેજ રેફર કરવામાં આવ્યા. બસમાં સવાર ૫૦ યાત્રીઓમાં મોટાભાગના વૃદ્ધો હતા. બધા યાત્રીઓ ગુજરાતના અમદાવાદના રહેવાસી છે.

ઘાયલોમાં ૬૮ વર્ષીય તારાબેન, ૬૯ વર્ષીય પરાફૂલ, ૬૩ વર્ષીય વિલાસ પાન, ૬૨ વર્ષીય સીતારામ, ૫૫ વર્ષીય સુરેન્દ્રાબેન, ૬૦ વર્ષીય દૌવા, ૭૪ વર્ષીય મધુબેન, ૪૫ વર્ષીય હીરેન્દ્ર સિંહ, ૪૪ વર્ષના બંધનહીરા, ૬૧ વર્ષીય પિરભા, ૭૪ વર્ષીય નાથભાઈ, ૬૦ વર્ષીય જયાબેન, ૬૧ વર્ષીય લીલાબેન, ૩૫ વર્ષીય સુમિતા, ૬૦ વર્ષીય દુર્ગાબેન, ૫૪ વર્ષીય મહૈરિયા, ૬૩ વર્ષીય હરસાબેન, ૩૭ વર્ષીય વિજય ત્રિવેદી, ૩૭ વર્ષીય કલ્પના, ૨૨ વર્ષીય પતલાવી સામેલ છે. અન્ય ઘાયલોમાં ૬૦ વર્ષીય સરિતાબેન, ૫૪ વર્ષીય ઉષાબેન, ૭૨ વર્ષીય નમીનભાઈ, ૩૦ વર્ષીય રેવાનવાસ, ૨૭ વર્ષીય કાલુ, ૩૨ વર્ષીય બાબારલા, ૨૩ વર્ષીય દુલેશ્વર, ૪૧ વર્ષના દુર્ગેશ સિંહ રાણાવત નિવાસી ઉદયપુર, ૬૦ વર્ષીય હંસા, ૬૧ વર્ષીય હરસિત, ૬૦ વર્ષીય લલ્લન, ૪૫ વર્ષીય મારગી પટેલ, ૮૧ વર્ષીય કાંતિ લાલ, ૭૨ વર્ષીય ખીમીબેન, ૪૪ વર્ષીય આશા, ૧૮ વર્ષીય મુસ્કાન, ૧૮ વર્ષીય ખુશબુ, ૪૭ વર્ષીય હર્ષ ભાઈ, ૩૭ વર્ષીય પ્રગ્નેશ, ૪૦ વર્ષીય હસમતીબેન મોદી અને ૫૫ વર્ષીય કાંતાબેન સામેલ છે.




ગંદા હૈ પર ધંધા હૈ યે...બહાર ફૂડ કાફે અને મસાજ પાર્લરના પાટીયા હતાં, અંદર ચાલતા હતાં કૂટણખાના

# આ તે કેવો ધણી? પંકજ પોતાની પત્નિ પાસે કરાવતો હતો દેહના સોદા!

## રાજકોટનો શખ્સ ઘરવાળીને સુરત લઇ ગયો અને દેહવિક્રય કરાવતો હતોઃ બે ઝડપાયાઃ બીજા કિસ્સામાં મેમ્બરશીપથી ચાલતા લોહીના વેપલાનો પર્દાફાશ

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ રાજકોટ સહિત રાજ્યભરમાં અવાર-નવાર પોલીસ સ્પા, મસાજ પાર્લર અને ફૂડ કાફે સહિતના પાર્લરોમાં દરોડા પાડી ચેકીંગ કરતી હોય છે. અગાઉ આવા અનેક સ્થળોમાં દેહના વેપલા થતાં હોવાનો પર્દાફાશ થયો હતો. અલગ અલગ શહેરોમાં ફરી વખત આ પ્રકારની પ્રવૃતિ ચાલુ થઇ ચુકી છે. દૂકાન કે જે તે પાર્લર બહાર મસાજ પાર્લર, સ્પા કે પછી ફૂડ કાફેના પાટીયા લગાડેલા હોય અને અંદર કૂટણખાના ચાલતા હોવાનો પર્દાફાશ થયો છે. ચોંકાવનારી વાત એ છે કે રાજકોટનો એક શખ્સ પોતાની જ પત્નિ પાસે દેહના સોદા કરાવતો ઝડપાયો છે. તે પત્નિને સુરત લઇ ગયો હતો અને તેની પાસે લોહીનો વેપલો કરાવતો હતો ત્યારે જ પોલીસે ફૂડ કાફેમાં દરોડો પાડી તેના સહિત છ જણાને પકડી લીધા હતાં. જ્યારે અન્ય દરોડામાં મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહવિક્રયનો પર્દાઃાશ થયો હતો. જેમાં નિયમીત ગ્રાહકો માટે મેમ્બરશીપની યોજના પણ અમલમાં હતી!

વિગતો પર નજર કરીએ તો રાજકોટનો એક શખ્સ પોતાની પત્નિ પાસે સુરતમાં ફૂડ કાફેમાં દેહના સોદા કરાવતો ઝડપાઇ જતાં ચકચાર જાગી છે. પોતાની જ પત્નિ પાસે આવા ધંધા કરાવનારા આ શખ્સની કરતૂત જાણી પોલીસ પણ ચોંકી ગઇ હતી. પોલીસ સુત્રોએ જાહેર કરેલી વિગતો જોઇએ તો સરથાણાના વ્રજચોક સ્થિત રાજ ઇમ્પેરીયા કોમર્શિયલ બિલ્ડીંગમાં ધ હાર્ટ સેલીબ્રેશન એન્ડ ફૂડ કાફેની આડમાં ધમધમતા કૂટણખાનામાં દરોડા પાડી પોલીસે બે દલાલની ધરપકડ કરી છે. જયારે એક લલના અને ત્રણ ગ્રાહકને મુક્ત કર્યા હતા. સરથાણા પોલીસને બાતમી મળી હતી કે, વ્રજચોક સ્થિત રાજ ઇમ્પેરીયા કોમર્શિયલ બિલ્ડીંગના પહેલા માળે ધ હાર્ટ સેલીબ્રેસન એન્ડ ફુડ કાફેની આડમાં કૂટણખાનું ચાલે છે. જેથી પોલીસે દરોડા પાડી છત્રીસ વર્ષના વિપુલ મનસુખ સાવલીયા (રહે. રોયલ પાર્કીંગ, શિક્ષાપત્રીની બાજુમાં, સિલ્વર ચોક, સરથાણા અને મૂળ. તાકોળા, તા. ખાંભા, અમરેલી) અને પાંત્રીસ વર્ષિય પંકજ જેરામ બાવડફાડ (રહે. ખોડિયાર સોસાયટી, મોરબી રોડ, રાજકોટ)ને ઝડપી લીધા




હતાં. અહિ ચાર ગ્રાહક હોઇ તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે હાથ ધરેલી તપાસમાં કાફે માલિક ધર્મેશ ઉર્ફે લંમ્બુ જયસુખ શીરોયા છે અને હાલમાં બહારગામ હોવાથી કાફેનું સંચાનલ વિપુલ કરતો હતો.

વધુ વિગતો જોઇએ તો વિપુલ કાફેનું સંચાલનની સાથે શરીરસુખ માણવા માટે ગ્રાહકોને લઇ આવતો હતો. સૌથી વધુ ચોંકાવનારી વાત એ છે કે ઝડપાયેલાઓમાં પંકજ ડ્રાઇવીંગ કામ કરે છે અને રાજકોટથી તેની પત્નિને અહિ દેહવિક્રય માટે લાવ્યો હતો. તેની આ કબુલાતથી પોલીસ પણ વિચારમાં મુકાઇ ગઇ હતી. ઉલ્લેખનીય છે કે શરીરસુખ માણવા આવનાર ગ્રાહક પાસેથી ધર્મેશ રૂ. ૧,૦૦૦ની વસુલાત કરી લલનાને રૂ. ૫૦૦ આપતો હતો. પોલીસે કાફેની આડમાં ચાલતા કૂટણખાનામાંથી રોકડ તથા મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૧૮,૦૦૦નો મુદ્દામાલ કબજે લઇ ધર્મેશને વોન્ટેડ જાહેર કર્યો હતો.

બીજી તરફ અમદાવાદમાં મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહવિક્રયના ધંધા સામે અગાઉ મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી હતી. જો કે ફરીથી મસાજ પાર્લરના નામે ફરીથી દેહવિક્રયનો કારોબાર શરૂ થઇ ગયો છે. ડીસીપી ઝોન-૭ના સ્ટાફે સિંધુભવન રોડ પર આવેલા એક સ્પા સેન્ટરમાં દરોડો પાડીને ત્રણ લોકો સામે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. ડીસીપી ઝોન-૭ના સ્કવોડના સ્ટાફના પીએસઆઇ વાય પી જાડેજા અને તેમના સ્ટાફને બાતમી મળી હતી કે સિંધુભવન રોડ પર આવેલા સિલ્વર રેડિયમ કોમ્પ્લેક્સના બીજા માળ સ્થિત ઓઝોન સ્પામાં મસાજના નામે દેહ વિક્રયની પ્રવૃતિ કરવામાં આવી રહી છે. જેના આધારે પોલીસે દરોડો પાડયો હતો.

આ દરોડા દરમિયાન બે યુવતીઓ મળી આવી હતી. જેમની પાસેથી મસાજના નામે દેહવ્યાપાર કરાવવામાં આવતો હતો. પોલીસે આ અંગે સ્પા સેન્ટરના મેનેજર કૈલાશ ભારતી (રહે. આદિત્ય આવાસ, નારોલ) અને સંચાલક અયાન રંગરેજ તેમજ તેના ભાઇ મોહસીન રંગરેજ સામે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. પોલીસને તપાસ કરતા સ્પા સેન્ટરમાં મેમ્બરશીપના નામે આવતા ગ્રાહકોની વિગતો પણ મળી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. આમ ફરી વખત અલગ અલગ શહેરોમાં ફૂડ પાર્લર, સ્પા, મસાજ પાર્લરની આડમાં અવળાધંધા શરૂ થઇ ગયા છે. અગાઉ રાજ્યભરમાં આ પ્રકારના સ્થળોએ પોલીસે દરોડા પાડી આવી પ્રવૃતિ બંધ કરાવી હતી. ત્યાં ફરી દૂષણે દેખા દીધી છે. તે વાતની પ્રતિતી આ બે કાર્યવાહીથી થઇ રહી છે.

# રસ્તા પરનું દબાણ હટાવવા મનપા મક્કમ

## ૪૪ રેકડી તથા કેબીન, ૩૨૭ બોર્ડ તથા બેનરો એમ કુલ ૭.૭૨ લાખનો ફટકાર્યો દંડ





રાજકોટ, તા. ૮

સ્વચ્છ ભારત અને સ્વસ્થ ભારતના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ જરૂરી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાના દબાણ હટાવ શાખા દ્વારા હાલ એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જેમાં રસ્તા પરના દબાણો દૂર કરવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને તાકીદ પણ કરવામાં આવી છે અને તેમ મુજબનો આદેશ પણ પ્રસિદ્ધ કરાયો છે ત્યારે મળતી માહિતી મુજબ દબાણ હટાવ શાખા દ્વારા કુલ ૭.૭૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને અનેકવિધ કેબીનો તથા બોર્ડ બેનરો જે ખરા અર્થમાં રાહદારીઓ માટે મુશ્કેલી ઊભી કરતા હોય તે તમામને દૂર કરવામાં આવ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકાના દબાણ હટાવ શાખા દ્વારા છેલ્લા ઘણા સમયથી રોડ પરના અડચાણો દૂર કરવા માટેની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે દબાણ હટાવ શાખા દ્વારા કુલ ૪૪ રેકડી તથા કેબીન અને ૩૨૭ બોર્ડ તથા બેનરો જપ્ત કરી કુલ ૭.૭૨ લાખનો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી, કોઠારીયા સોલવન્ટ, કોઠારીયા મેઈન રોડ,સાંઈબાબા સર્કલ, જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૪ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી. રૈયાધાર, જ્યોતિનગર,નાણાવટી ચોક,પંચાયત ચોક,ગોવિંદબાગ,નાના મૌવા મેઈન રોડ,પારેવડી ચોક,પાંજરાપોળ હોકર્સ ઝોન,પેડક રોડ,કુવાડવા રોડ,આનંદબંગલા ચોક ,અર્ટીકા,રવિરત્ન પાર્ક ,જામનગર રોડ,કોર્ટ ચોક,ગાયાત્રીનગર,હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૨૨૦ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ. જંક્શન રોડ,જ્યુબેલી,પંચાયત ચોક,રામાપીર ચોકડી,પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૩૯૦ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ સોરઠીયાવાડી પાસેથી રૂ.૫,૬૯,૩૪૫/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૨,૦૩,૫૨૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. કાલાવડ રોડ,યુનિ. રોડ , ચોક સુધી,સાધુવાસવાણી રોડ, કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ, ઢેબર રોડ,જામનગર રોડ,ટાગોર રોડ,રેસકોર્ષ રિંગરોડ, પરથી ૩૨૭ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

# વેરા વસુલાત શાખાની રિકવરી ઝુંબેશ : ૧૮ લાખની વસુલાત

## વણિક મહાજન ટ્રસ્ટની વાડીની ૩૭ દુકાનોને સીલ

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકાની દિવાળી રજાઓ હવે પૂર્ણ થઈ ગઈ છે. લાભપાંચમ પૂર્ણ થઈ જતા પેઢી ધારકો દ્વારા વેરા વસુલાતને કામગીરી ફરી શરૂ કરવામાં આવી છે. બીજી તરફ વોર્ડ નંબર સાત માં જુના રાજકોટના કોઠારીયા નાકા પાસે આવેલા દશા શ્રીમાળી વળી મહાજન ટ્રસ્ટની વાડીની બિલ્ડિંગમાં જે ૩૭ દુકાનો આવેલી છે તેનો વેરો બાકી હોવા બદલ તેને સીલ કરી દેવામાં આવી છે. ત્યારે આવનારા દિવસોમાં જુદા જુદા વોર્ડમાં બાકીદારોને ત્યાં રિકવરી ઝુંબેશ શરૂ કર્યાનું ટેક્સ વિભાગે જણાવ્યું હતું.

નાગરિકો દ્વારા ઓનલાઇન રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ .ળિભ.લજ્ઞદ.શક્ષ અથવા સિવિક સેન્ટર અને વોર્ડ ઓફિસ ખાતે ચેક / કેશ મારફત વેરાની ભરપાઈ કરી શકશે. રાજકોટ મહાનગરપાલિકાના વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ-૨૦૨૪-૨૫માં તા એક એપ્રિલ થી ૮ નવેમ્બર સુધીમાં કુલ ૩,૬૬,૪૨૪ કરદાતાઓ દ્વારા રૂ.૩૦૩.૧૦ કરોડ જેટલા વેરાની ભરપાઇ કરેલ છે. હાલમાં તમામ વોર્ડના રિકવરી સેલ દ્વારા વેરા-વસુલાતની સઘન કામગીરી ચાલુ છે.

હાલ તમામ વોર્ડના રિકવરી સેલ દ્વારા વેરા વસુલાતની કામગીરી પૂર ઝડપે શરૂ કરી દેવામાં આવી છે એટલું જ નહીં જે ૩૭ દુકાનોને સીલ કરવામાં આવી જેની સામે કુલ ૧૬.૫૫ લાખની વસુલાત પણ મહાનગરપાલિકાના ટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવી હોવાનું હાલ જાણવા મળ્યું છે બીજી તરફ સાંગણવા ચોકમાં આવેલી અપ્સરા એજન્સી પાસેથી ૧.૯૦ લાખની વસૂલાત કરવામાં આવી છે. મહાનગરપાલિકાએ લોકોને અપીલ કરતાં જણાવ્યું છે કે તેમનો જે બાકી કર હોય તેવો ઝડપભેર ભરે જેથી આકરી કાર્યવાહીથી તેઓ બચી શકે..

ટેકસ રિકવરી કામગીરી મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈની સુચના અનુસાર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી અને આસી.કમિશ્નર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ ટેક્સના ઇ.ચા.મેનેજર સિધ્ધાર્થ પંડયા અને વોર્ડના ટેક્સ ઇન્સ્પેકટર દ્વારા ઝુંબેશના રૂપમાં કરવામાં આવે છે. વોર્ડ નં-૭માં ગઈકાલ તા.૦૭-૧૧-૨૦૨૪ના રોજ દશાશ્રીમાળી વણિક મહાજન ટ્રસ્ટ કોઠારીયા નાકામાં આવેલ ૩૭ દુકાનોને સીલ કરવામાં આવેલ. જેની સામે આજ તા.૦૮-૧૧-૨૦૨૪ના રોજ રૂ.૧૬.૫૫ લાખની વસૂલાત કરેલ છે અને અપ્સરા એજન્સી સાગણવા ચોકમાં રૂ.૧.૯૦ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

નાગરિકો દ્વારા ઓનલાઇન રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ .ળિભ.લજ્ઞદ.શક્ષ અથવા સિવિક સેન્ટર અને વોર્ડ ઓફિસ ખાતે ચેક / કેશ મારફત વેરાની ભરપાઈ કરી શકશે.

ગામને છેતરવાની મોસમ સતત લીલીછમ્મઃ ધુતારા-ઠગારા લેભાગુઓ થાકતા જ નથી

# ફઇના દિકરાનું ફુલેકૂઃ પાણીના ધંધાના નામે ૧॥ કરોડનું બૂચ

## ડીજીટલ એરેસ્ટનો વધુ એક બનાવઃ આઇપીએસના નામે ફોન કરી તમારા પાર્સલમાં પાંચ પાસપોર્ટ, એમડી ડ્રગ્સ છે કહી બિલ્ડર પાસેથી ૧૫ લાખ પડાવ્યા

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ ગઠીયાઓ, ધૂતારાઓ અને લેભાગુઓ ગામને છેતરવાની એકપણ તક જતી કરતાં નથી. બીજાને છેતરીને પોતાના ગજવા ભરનારાઓના કરતુતો અટકતા જ ન હોઇ આ રીતે લોકોને છેતરવાની મોસમ બારેમાસ લીલીછમ્મ રહે છે. ઠગાઇના વધુ બે બનાવ સામે આવ્યા છે જેમાં એક બનાવમાં મીનરલ વોટરના ધંધાના નામે એક મહિલાને છેતરી ફઇનો દિકરો દોઢ કરોડનું ફુલેકૂ ફેરવી ગયો હતો. બીજી તરફ ડિજીટલ એરેસ્ટ કરી એક બિલ્ડરને ડરાવી ધમકાવી પંદર લાખ પડાવી લેવાયા હતાં.

ઘટના પર નજર કરીએ તો સુરતના નાનપુરા મક્કાઇ પુલ નજીક જે.કે. કન્સલટન્સી નામે લોન એજન્ટની ઓફિસ ધરાવનાર મહિલાના ઝમઝમ એન્ટર-ઇઝ નામે મીનરલ વોટરનો ધંધો કરતા ફોઇબાના દીકરાએ ધંધામાં આર્થિક મદદ કરશો તો એક બોટલ ઉપર કમિશન પેટે રૂ. ૨ આપવાની લાલચ આપી ટુકડે-ટુકડે રૂ. ૧.૫૫ કરોડ પડાવી લીધા બાદ કમિશન ચુકવવાનું બંધ કરી દેતા મામલો અઠવાલાઇન્સ પોલીસમાં પહોંચ્યો છે. નાનપુરા મક્કાઇ પુલ નજીક જે.કે. કન્સલટન્સી નામે લોન એજન્ટની ઓફિસ ધરાવતા ઉઝમાબાનુ મોહમદ સાદીક અબ્દુલ કાદર મલેક (રહે. એ વિંગ, પાલ પેલેસ, મુગલીસરા, ચિંતામણી નજૈન દેરાસર પાસે, શાહપોર, સુરત)ને વર્ષ ૨૦૨૦ માં તેના ઝમઝમ એન્ટર-ઇઝ નામે મીનરલ વોટરનો ધંધો કરતા ફોઇબાના દીકરા મોહમદ હારીષ મોહમદ શોએબ માસ્ટર (રહે. લક્ઝુરીયસ લેટ, જૂની સિવિલ હોસ્પિટલ પાછળ, નાનપુરા, સુરત) એ ધંધામાં આર્થિક મદદ કરશો તો એક બોટલ ઉપર બે રૂપિયા કમિશન આપવાનું કહ્યું હતું.

જેથી ઉઝમાબાનુએ શરૂઆતમાં ટુકડે-ટુકડે ડિસેમ્બર ૨૦૨૦ થી સપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાનમાં રૂ. ૯.૪૦ લાખ આપ્યા હતા. જેની સામે કમિશન પેટે રૂ. ૯.૪૨ લાખ હારીશે ચુકવ્યા હતા. ત્યાર બાદ હારીશે સમયાંતરે ધંધા માટે વધુ રૂપિયાની જરૂર છે અને પાણીનો નવો પ્લાન્ટ શરૂ કરવો છે એવું કહેતા ઉઝમાબાનુએ પોતાના તથા પતિના નામે લોન લઇ ઉપરાંત સુરત અને અમેરિકામાં રહેતા સગાસંબંધી અને મિત્રવર્તુળ




પાસેથી ઉછીના લઇ ટુકડે-ટુકડે વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ દરમિયાનમાં રોકડા રૂ. ૬૯.૯૯ લાખ અને રૂ. ૮૫.૩૦ લાખ બેંકમાં ટ્રાન્સફર કર્યા હતા. જેની સામે કમિશન પેટે રૂ. ૫૧.૯૮ લાક હારીશે ચુકવ્યા હતા. પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૩ બાદથી મોહમદ હારીશે કમિશન ચુકવવાનું બંધ કરી દીધું હતું અને ઉઘરાણી કરતા વાયદા ઉપર વાયદા કર્યા બાદ ગાળાગાળી કરી હતી. છેલ્લે મહિલાએ ફુલેકૂ ફેરવનારા ભત્રીજા વિરૂધ્ધ ફરિયાદ કરી હતી.

બીજા બનાવની માહિતી જોઇએ તો આ કિસ્સો ડિજીટલ એરેસ્ટ ફ્રોડનો છે. જેમાં ભાવનગર શહેરમાં રહેતા એક બિલ્ડર સાયબર ફ્રોડનો શિકાર થતાં ભારે ચકચાર મચી જવા પામી છે. સાયબર ગઠિયાએ બિલ્ડરને ફોન કરી તમારા મોકલેલા પાર્સમાં ડ્રગ્સ છે તેમ કહી કોઇ આઇપીએસ અધિકારીની ઓળખ આપી વિડીયો કોલમાં વાત કરી, ધરપકડની ધમકી આપી બિલ્ડર પાસેથી પંદર લાખ રૂપિયાનો ફ્રોડ કરતા બિલ્ડરે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ભાવનગર સાયબર ક્રાઇમમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શહેરમાં રહેતા અને બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા મયુરભાઇ જીવરાજભાઇ પટેલે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને અજાણ્યા ફોનમાંથી ફોન આવેલ અને કહેલ કે, તમે મુંબઇથી નેપાળ જે પાર્સલ મોકલાવેલ છે તેમાં પાંચ પાસપોર્ટ, ત્રણ ક્રેડીટકાર્ડ, એમડી ડ્રગ્સ ૧૪૦ ગ્રામ, ચાર કિલો કપડાં અને એક લેપટોપ મોકલાવેલ છે જેમાં મયુરભાઇએ કોઇ પાર્સલ મોકલાવેલ નથી તેમ કહેતા સામે વાત કરી રહેલા રાકેશભાઇ નામના વ્યક્તિએ તમારા નામનું એરેસ્ટ વોરંટ નિકળશે તેમ કહ્યું હતું. બાદમાં આઇપીએસ અધિકારીની ઓળખ આપી આકાશ કુલ્હારી નામના શખ્સ સાથે વીડીયો કોલમાં વાત કરાવી હતી જે આકાશ કુલ્હારી કહેલ કે, પાર્સલ તમારા નામનું છે જેમાં ડ્રગ્સ મોકલેલ છે જેથી તમારા વિરૂદઘ ગુનો દાખલ થશે તેવી ધમકી આપી સિક્યુરીટી ડિપોઝીટ તરીકે પંદર લાખ રૂપિયા મયુરભાઇ પાસેથી ટ્રાન્સફર કરાવી લીધા હતા અને વધુ કોઇ જય મા ટ્રેડર્સના બેંક એકાઉન્ટમાં ?વધુ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતા બિલ્ડરને સાયબર ફ્રોડ હોવાની શંકા જતાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી. રાજકોટમાં નિવૃત બેંક અધિકારી સાથે ડિજીટલ એરેસ્ટથી છપ્પન લાખ પડાવી લેવાયાનો કિસ્સો તાજો છે ત્યાં ભાવનગરમાં આ રીતે પંદર લાખ પડાવાયા છે.

### ટ્રાફિક સિગ્નલો પર ઉભા રહી ભીક્ષાવૃતિ કરતાં બાળકો, મોટેરાઓને ભાડે રખાતા હતાં

# ભીખ મંગાવી કમાણી કરવાના કારસ્તાનનો પર્દાફાશ

## દોઢસો રૂપિયામાં બાળક અને પાંચસો રૂપિયામાં આખો પરિવાર આવી ભીખ માંગી આપેઃ ક્રાઈમ બ્રાંચે બે એજન્ટને દબોચતાં ચોંકાવનારી વિગતો ખુલી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ રાજકોટ સહિત રાજ્યભરમાં કે પછી દેશભરમાં ટ્રાફિક સિગ્નલો, ધાર્મિક સ્થળો, ફરવાના સ્થળો કે પછી મોલ સિનેમાહોલ આસપાસ તમે જ્યાં જાવ ત્યાં ભીક્ષાવૃતિ કરતાં બાળકો, મોટેરાઓ જોવા મળી જતાં હોય છે. લોકો પણ દયા ખાઈને આવા ભિક્ષુકોને ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ મદદ કરતાં હોય છે. પરંતુ એક એવા કારસ્તાનનો પર્દાફાશ થયો છે જેમાં બાળકો, તેના પરિવારજનોને ભાડેથી કામે રાખી ભીખ મંગાવવામાં આવતી હતી. ક્રાઈમ બ્રાંચે આવા બે એજન્ટોને ઝડપી લેતાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ એજન્ટો રૂપિયા દોડસોમાં એક બાળક ભાડેથી મેળવી તેની પાસે ભીખ મંગાવતા હતાં, તો રૂપિયા પાંચસો ચુકવી આખા પરિવારને આ કામ માટે લાવતા હતાં અને તેની કમાણી ખાતા હતાં.

ચોંકાવનારી વિગતો પર નજર કરીએ તો લગભગ દરેક ટ્રાફિક સિગ્નલો પર બાળકો ભીન માંગતા જોવા મળતા હોય છે. ઘણા પોઈન્ટ પર મોટી ઉમરના લોકો પણ ભીખ માંગતા દેખાતા હોય છે. આ બાળકો અને મોટેરાઓ એટલાં બધાં કરગરે કે, આપણે દયા ખાઈને બાળકોને પાંચ કે દસ રૂપિયા આપી દઈએ. પણ આ બાળકો ક્યાંના છે, શું કામ ભીખ માગે છે એ સવાલ આપણા મનમાં ક્યારેય આવ્યો જ નથી. પરંતુ, આ એક રીતસરનો કારોબાર છે અને હ્યુમન ટ્રાફિકિંગનું આખું રેકેટ છે. જેમાં બાળકો અને આખે આખા પરિવારને અન્ય રાજ્યમાંથી લાવીને અમદાવાદના એસજી હાઈવે, સીજી રોડ તેમજ મહત્ત્વના જંકશન પર ભીખ માંગવા માટે ગોઠવી દેવામાં આવે છે અને આ ગોઠવનારા કોઈ બીજા નહીં પણ રીતસરના એજન્ટ છે.

વધુ માહિતી મુજબ ઘણાં વર્ષોથી ચાલતી આ પ્રક્રિયામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને એક મહત્વની સફળતા મળી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચે બે એજન્ટની ધરપકડ કરી છે. જે રાજસ્થાનના નાના નાના જિલ્લાઓમાં જઈને બાળકો અને આખા પરિવારને ભીખ માંગવા માટે અમદાવાદ લાવતા હતા. રાજકોટ સહિતના સ્થળોએ



**૧૫૦માં બાળક અને ૫૦૦માં આખો પરિવાર રાજસ્થાનથી અમદાવાદ લાવી ભીખ મંગાવતા, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બે એજન્ટને ઝડપી પાડ્યા**

પણ લગભગ દરેક પોઈન્ટ પર આ રીતે ભીખ માંગનારા જોવા મળતાં હોય છે. તેની પણ તપાસ થાય તો ચોંકાવનારી વિગતો ખુલી શકે તેમ હોવાની ચર્ચા છે.

આ રેકેટમાં ચોંકાવનારી વાત એ છે કે, બાળકોને સમાન્ય રીતે વધુ ભીખ મળતી હોવાથી તેના દોઢસો રૂપિયા અને આખે આખા પરિવારને અદાવાદ લાવવાના રોજના તેઓ પાંચસો રૂપિયા આ ગરીબોની મજબૂરીનો લાભ લઈને વસૂલતા હતા. આ સમગ્ર રેકેટ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શોધી કાઢ્યું છે અને બે આરોપીની અમદાવાદ લાવીને પૂછપરછ કરવામાં આવી રહી છે. રાજસ્થાનના અલગ અલગ જિલ્લાઓમાંથી લવાયેલા લોકોના એજન્ટ તરીકે આ કામ કરતા હોવાની વિગત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પાસેથી જાણવા મળી છે. ટ્રાફિક સિગ્નલ પર અલગ અલગ જગ્યાએ ભીખ માંગતા લોકોનું રેસ્ક્યૂ કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઘણા સમયથી કામ કરી રહી છે.

આ સમગ્ર રેકેટ છે તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચની ટીમો દ્વારા કરવામાં આવી રહી હતી અને તે હાલ એક નિર્ણાયક વળાંક પર આવીને ઉભી છે. કારણ કે, આ ભિખારીઓને પોતાની મરજીથી ભીખ માંગવા નહીં પણ તેની મજબૂરીના કારણે અમદાવાદ લાવીને ભીખ મંગાવવામાં આવતી હતી. આ માટે બાળકો અને પરિવારને ભીખ માંગવા માટે તેમની સાથે ડીલ કરવામાં આવતી હતી. જેમાં બાળકો જો એકલા આવે તો તેના પરિવાર પાસેથી રોજના ૧૫૦ રૂપિયા અને આખો પરિવાર આવે તો તેમની પાસેથી રોજના ૫૦૦ રૂપિયા આ એજન્ટો વસૂલતા હતા.

ક્રાઈમ બ્રાન્ચે પકડેલા બે એજન્ટ પાસેથી મહત્ત્વની વિગત એવી જાણવા મળી રહી છે કે આ બે એજન્ટો પંદર પંદર દિવસે મજબૂર લોકોની ટ્રીપ મારતા હતા. એટલે કે, નાના ગામમાં જઈને તેમને અમદાવાદ શહેરમાં ભીખ માંગવા માટે લાવવામાં આવતા હતા. તેમને અમદાવાદ લાવીને કોઈપણ બ્રિજની નીચે રહેવા માટે મૂકી દેવામાં આવતા હતા. સાંજ પડે આ એજન્ટો તેમની પાસેથી રૂપિયા વસૂલ કરતાં હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી –માણે તેઓને કોઈ એજન્સી અથવા સરકારી સંસ્થા દ્વારા બીજી જગ્યાએ લઈ જવામાં આવે તો ત્યાંથી પણ તેમને લઈ આવવા સુધીની કામગીરી કરવામાં એજન્ટો એક્ટિવ હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજીયાએ મિડીયાને જણાવ્યું હતું કે, બાળકો અને પરિવારને ભીખ મંગાવવાના રેકેટની અંદર બે એજન્ટોની ધરપકડ કરવામાં આવી છે. જો અલગ અલગ જગ્યાએથી ગરીબ લોકોને લાવીને અહીં યા ભીખ મંગાવતા હતા. જેમાં તેઓના સ્ટેન્ડ એસજી હાઈવે અને સીજી રોહ હતા.

હાલ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. અને કેટલા સમયથી કેટલા લોકોને અહીંયા લાવ્યા તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે છેલ્લા ઘણા વર્ષોથી આ પ્રકારે ટ્રાફિક સિગ્નલ પર ભીખ માંગતા લોકોને લાવવામાં આવતા હતા.

તેમાં હાલ બે એજન્ટ પકડાયા છે, પરંતુ આ પાછળ બીજા લોકો પણ સામેલ છે તેવું અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને કડી મળી છે અને ગુજરાતના અમદાવાદ સિવાય બીજી કઈ જગ્યાએ ગરીબ લોકોની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેમની પાસે ભીખ મંગાવાતી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ રેકેટમાં કઈ રીતે કેટલા રૂપિયાની લાલચે લોકો જોડાયા હતા તે બહાર આવવાની શક્યતા છે અને પોલીસ આ મામલે ઝીણવટભરી તપાસ કરી રહી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# નફાખોર માછલાં

## અટલ સરોવર જેવું રાંદરડા તળાવે થવા ન દેતા...



દીપાવલીની રજાઓમાં ગુજરાતીઓ મન મૂકીને ઘૂમ્યા. ફરવાના સ્થળોથી માંડીને ધાર્મિક સ્થાનો પર ચારે બાજુ ભીડ જામી હતી. એક રસપ્રદ અભ્યાસ પ્રમાણે આ વર્ષે નર્મદા કિનારે સ્ટેચ્યુ ઓફ યુનિટી કરતા કૃષ્ણની નગરી દ્વારિકામાં વધારે લોકો ઉમટ્યા હતા.સ્ટેચ્યુ ઓફ યુનિટી નબળું સ્થળ નથી. અહલાદક આનંદ આપનારું આકર્ષક સ્થાન છે. પણ પૂરેપૂરું સ્થાન નફાખોર તત્વોના હાથમાં સરકી ગયું છે. ત્યાં લોકો ખંખેરાય છે, પરેશાન થાય છે. આ કારણે તેનું આકર્ષણ ઓછું થવા લાગ્યું છે.

શાસકો દ્વારા નિર્માણ થતા આહલાદક સ્થાનોનું સંચાલન ખાનગી સંસ્થાઓ - કંપનીઓને આપી દેવાની પરંપરા બની ગઈ છે. નફાખોર તત્વો ઘૂસી જાય છે અને ખુદ માલિક બનીને રીતસર લૂંટ ચલાવે છે. રાજકોટમાં વર્તમાન સમયમાં અટલ સરોવરનું આકર્ષણ જાગ્યું છે. વિરાટ આહલાદક સ્થાન સામાન્ય નાગરિક માટે મોંઘુદાટ બની ગયું છે. એન્ટ્રી ઉંચી, અંદર પાણી પણ લઈ જવાની મનાય, અંદર કેન્ટીનમાં મળતી વસ્તુની કિંમત તોતિંગ....

બેફામ નફાખોરી છતાં તેમને કોઈ કંઈ કહી શકતું નથી. જાણકારો કહે છે કે અટલ સરોવર અંગેના કરારો પણ સંચાલકોની તરફેણમાં કરાયા છે. મલાઈ ક્યાંથી ક્યાં પહોંચતી હશે ? ભગવાન જાણે. આ સ્થિતિ વચ્ચે સમાચાર આવ્યા છે કે રાજકોટ પાસેનું ઐતિહાસિક રાંદરડા તળાવ ડેવલપ કરવાનું આયોજન થયું છે. આ માટે ૪૦૦ જેટલા દબાણો તોડી પાડવાનું નક્કી કરાયું છે. રાંદરડા તળાવ વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્ય ધરાવે છે. મહાપાલિકા કમિશનરે ખાતરી આપી છે કે આ સ્થાન પર ફરીથી સિમેન્ટનું જંગલ ખડકાવા નહીં દેવાય.

રાંદરડા તળાવ ખાતે પર્યટકો માટે વિવિધ સુવિધા અને બોટિંગ વગેરે માટે પણ સરકાર પાસે મંજૂરી માંગવામાં આવી છે. સમગ્ર આયોજન મસ્ત લાગે છે. લોકો પ્રકૃતિમાં મહાલે તે માટે પ્રોત્સાહન પણ મળવું જોઈએ. રાંદરડા તળાવ વિસ્તાર ઝડપથી ડેવલપ થાય તેવી શુભેચ્છા પણ આપીએ છીએ.

સૌથી મોટું જોખમ નફાખોર માછલાનું છે. જાહેર સ્થળો પર ખાનગી સંસ્થાઓ - તત્વો ગોઠવાઈ જાય છે. તે રીતે રાંદરડા તળાવે ન થાય તેની કાળજી લેવી પડશે. સંચાલનના નામે માલિક જેવા બનીને લોકોને ખંખેરવાના ધંધા કરતા માછલા - મગરમચ્છોને દૂર રાખવા જરૂરી છે. આ માટે તંત્રની વૃત્તિની શુદ્ધતા પણ અનિવાર્ય છે. ઉત્તમ સ્થાન માટે સામાન્યથી લેવાય તે યોગ્ય ગણાય પરંતુ લોકોને ખંખેરવાનું જ મિશન બની જાય તે શરમ ગણાય.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ડોનાલ્ડ ટ્રમ્પ : અમેરિકાના આવા વિવાદાસ્પદ રાષ્ટ્રપતિ !

**ટ્રમ્પ સામે ૩૪ કેસ છે. એ દોષી પણ ઠર્યા છે. હવે એમને સજા થશે ? એ જેલમાં જશે કે પછી બધા કેસ અટકી જશે અને ટ્રમ્પ પોતાની સામેના બધા કેસ રફેદફે કરી દેશે? શું એ વિરોધીઓ સામે મોરચો માંડશે? અને ભારત સાથે એમની નીતિ કેવી રહેશે? મોદી ટ્રમ્પ મિત્રતા ભારતને ફળશે?**



ખબર ની KHABAR



કૌશિક મહેતા

અમેરીકાના નવા રાષ્ટ્રપતિ ચૂંટાઈ ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પ આશ્ચર્યજનક બહુમતીથી જીત્યા છે. આ વિજય અનોખો છે. કોઈ રાષ્ટ્રપતિ બીજીવાર આટલી બહુમતીથી ચૂંટાઈ એ નાનીસુની વાત નથી. પણ સાથે જ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે આટલી હદે વિવાદાસ્પદ વ્યક્તિ ચૂંટાયા હોય એવું પણ પહેલીવાર બન્યું છે. એમની સામે એક નહિ, બે નહિ પણ ૩૪ કેસ છે અને એમાં એ દોષી પુરવાર થયા છે. કેટલાક કેસમાં સજાની જાહેરાત બાકી છે. અને એવું થશે કે, રાષ્ટ્રપતિ બન્યા એટલે બધા ગુના માફ...એવું થશે જેવું બીજે બધે થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પ શા માટે ચૂંટાયા અને એમને સ્વીંગ સ્ટેટમાં પણ બહુમતી કેમ મળી, બેફામ અને કોઈ રીતે ગળે કે દિમાગમાં ના ઉતરે એવા નિવેદનો કરનારા ટ્રમ્પ કેમ ચૂંટાયા? આ વિષે વિશ્લેષણ થઇ રહ્યા છે, થતા રહેશે. એવી ય ચર્ચા શરૂ થઇ ગઈ છે કે, કે ટ્રમ્પ સરકાર હવે કેવા નિર્ણયો લેશે. વિશ્વમાં ચાલતા યુદ્ધ અટકશે ખરા? ભારત સાથે અમેરિકાનો વ્યવહાર કેવો હશે? ચીન પર તવાઈ આવશે ? આવા બધા પ્રશ્નોનાં જવાબ મેળવવા દુનિયા બેતાબ છે.

સૌથી મહત્વની વાત એ છે કે, એમની સામે જે કેસ ચાલે છે એમાં સજાની જાહેરાત થશે કે બધા ટકી જશે? ટ્રમ્પ હજુ રાષ્ટ્રપતિ તરીકે સ્થાપિત થાય એ માટે સમય છે. જાન્યુઆરી ૨૦૨૫માં એ સત્તાના સુત્રો સંભાળશે. તો શું હવે ટ્રમ્પ સામેના બધા કેસ અટકી જશે? અને અટકી ગયા તો એ રાષ્ટ્રપતિ પદે બીજારમાન થશે ત્યારે તો એ પોતાના સામેના કેસ ખતમ કરી દેશે એ નિશ્ચિત છે. પણ એ પહેલા કોઈ જજ સજા સંભળાવશે તો શું ટ્રમ્પ જેલમાં જઈ શકે છે?

અમેરિકા વિશ્વની ભારત પછીની બીજી મોટી લોકશાહી છે. અને એ એની લોકશાહી અને એના મુલ્યો માટે જાણીતો છે. પણ રાષ્ટ્રપતિ પાસે અમર્યાદ સત્તા હોય છે અને એ પ્રમાણે ટ્રમ્પ પોતાના સામેના કેસને રફેદફે કરી શકે છે. એની સામે કોઈ નાના કેસ નથી પણ ગંભીર આરોપો છે. હશ મની કેસમાં એ દોષિત ઠરી ચુક્યા છે. સજા મળવી બાકી છે. એક પોર્ન સ્ટારને નાણા ચૂકવવાનો કેસ છે. આ ઉપરાંત ૨૦૨૦માં પરિણામ પલટી નાખવા મુદે કેસ છે. કેપિટલ હિલ પર એના સમર્થકોએ હલ્લો કરેલો અને સંસદમાં જઈ તોડફોડ કરી હતી અને ટ્રમ્પ એ તમાશો જોતા રહ્યા હતા. આ કેસ સૌથી ગંભીર ગણાવો જોઈએ. કારણ કે એમના ભાષણ બાદ ૨૦૦૦ લોકોએ હલ્લો કર્યો હતો.

વેપારમાં ફ્રોડનાં કેસ છે. આવા કૂલ ૩૪ કેસ છે. એ ઉપરાંત એમના કાર્યકાળનાં ગુપ્ત દસ્તાવેજો એમણે પોતાના ઘર 'માર એ લોગો'માં ગેરકાયદે રાખ્યા હતા. એનો કેસ છે. જો કે, ટ્રમ્પ આ વાતે ઈનકાર કરી ચુક્યા છે.

આટલું જ નહિ એમની જીભ બેકાબૂ રહી છે. એમણે ૧૦૦ વાર તો ધમકીઓ આપી છે. એમાં વર્તમાન જો બાઈડનને જ ૨૫ વાર ધમકીઓ આપી છે. અને કમલા હેરીસ વિષે ઉતરતા શબ્દો કહ્યા છે, એમના પર મહાભિયોગ ચાલવો જોઈએ. કાયદાકીય કાર્યવાહી જોઈએ. એમના વિષે આકરી ભાષામાં લખનારા પત્રકારોને જેલમાં ધકેલી દેવાની ધમકી પણ આપી ચુક્યા છે.

ટ્રમ્પ એમના પહેલા કાર્યકાળમાં પણ વિવાદાસ્પદ રહ્યા છે. વારેવારે જુઠાણા ચલાવતા હતા. અને કેટલાક અખબારોએ એમણે કેટલા જુઠાણા કહ્યા એની યાદી પણ છાપી હતી. કોરોના કાળમાં એમણે જે કહ્યું એ તો માથામેળ વિનાનું હતું. એમણે એમ પણ કહ્યું કે, નર્સોમાં બ્લીચ ઈન્જેક્શન આપી દેવા જોઈએ. ૨૦૧૯માં એમણે ડીનર યોજેલું અને એમાં બર્ગર અને ફ્રેંચ ફ્રાઈસ મહેમાનોને ખવડાવ્યા હતા. ૨૦૧૭માં નાટો અધિકારીને ધક્કે ચઢાવ્યા હતા. ૨૦૧૮માં આફ્રિકી દેશોને ગાળ આપી હતી અને પછી ફરી ગયા હતા.

અને હવે એ જંગી બહુમથીથી ચૂંટાયા છે એટલે વિરોધીઓ સામે આકરા પાણીએ થશે. અને પહેલા જ ઈન્ટરવ્યુમાં એ કહી ચુક્યા છે કે, એ સ્પેશીયલ કાઉન્સેલ જેક સ્મિથને બે સેકન્ડમાં રવાના કરી શકે છે. આ સમીથ એટલે જેમણે ટ્રમ્પ સામે કેસ માંડ્યા હતા. સૌથી મહત્વની વાત એ છે કે, શું એ યુપીના યોગી આદિત્યનાથ જેવું કરશે? યોગીજીએ પહેલીવાર મુખ્યમંત્રી બન્યા બાદ એમની સામેનાં જ અનેક કેસ પાછા ખેંચાવી લીધા હતા. અને હા, વિરોધીઓ સામે એ કેસ માંડશે? જેમ કે, ભારતમાં વિપક્ષો સામે કેસ થાય છે.

અને હા, ભારતને એ મહાન દેશ ગણે છે. નરેન્દ્ર મોદીના વખાણ કરે છે. અમેરિકામાં રહેતા ભારતીયોને બિરદાવે છે. હિંદુઓની તરફેણ કરે છે. ટ્રમ્પ જ્યારે હાર્યા એ ચૂંટણી પ્રચારમાં અમેરિકામાં હાઉડી મોદી અને અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પ જેવા કાર્યક્રમો મોદીજીએ એમની સાથે, એમના માટે કર્યા હતા. પણ ટ્રમ્પ ભારતને વધુ પડતો કર નાખનારો દેશ ગણાવે છે એનું શું? ચીન સામે એ આકરા પાણીએ છે અને ચીનથી આવતી વસ્તુઓ પર ભારે કર નાખવાના છે એ નક્કી છે પણ એ રીતે ભારતથી અમેરિકા જતી ચીજો પર કર વધારશે તો શું? આપણે ઈરાન પાસેથી સસ્તું તેલ લેતા હતા ત્યારે ટ્રમ્પે કેટલાક આકરા પગલા લેવાની વાત કરી ને ભારતે ઈરાન પાસેથી તેલ લેવાનું બંધ કરવું પડ્યું હતું. હવે ભારત રશિયા પાસેથી તેલ લે છે ને બાઈડન સરકાર સામે ચુક્યું નહિ. બીજું કે, વિઝા નીતિ મુદે પણ ટ્રમ્પ આકરા છે અને એ નીતિ વધુ કડક બનાવશે તો ભારતના લોકોને સમસ્યા થશે, અને ગેરકાયદે રહેતા ભારતીયો સામે પણ પગલાં લેવાશે તો શું ?

અમેરિકા ક્યારેય કોઈની નથી થયું. એમની નીતિઓ બદલાતી રહી છે.

અને બીઝનેસની વાત આવે તો અમેરિકા પોતાનું જ હિત જુએ છે. એ પોતાના શસ્ત્રો વેચવા ગમે તે હદે જઈ શકે છે. મોદી ટ્રમ્પની દોસ્તી ભારતને ફાયદો કરાવે છે કે કેમ એ જોવાનું રસપ્રદ બનવાનું છે. ટ્રમ્પ ભરોસા લાયક છે કે કેમ એ પ્રશ્ન છે. અમેરિકામાં આટલી હદે વિવાદાસ્પદ વ્યક્તિ રાષ્ટ્રપતિ પદે ચૂંટાય છે એ રીતે અમેરિકાનો નવો ઈતિહાસ આલેખાઈ રહ્યો છે.

# નોટબંધીથી નાના ઉદ્યોગો થયા નષ્ટઃ રાહુલ

## ભાજપ પર આક્ષેપો કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે આજે દેશ આઠ વર્ષની સરખામણીમાં વધુ રોકડનો ઉપયોગ કરે છે

નવીદિલ્હી તા. ૮

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે નોટબંધીને કારણે અને અનૌપચારિક ક્ષેત્રને નષ્ટ કરીને ઈજારો થયો છે અને ભારત આઠ વર્ષ પહેલાં કરતાં આજે વધુ રોકડનો ઉપયોગ કરી રહ્યું છે. તેમનો હુમલો નોટબંધીની આઠમી વર્ષગાંઠ પર આવ્યો છે. ૮ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને તેમના સંબોધનમાં નોટબંધીની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે રૂ. ૫૦૦ અને રૂ. ૧,૦૦૦ ની નોટ હવે કાનૂની ટેન્ડર રહેશે નહીં. તે સમયે સરકાર દ્વારા દર્શાવવામાં આવેલા કારણોમાંનું એક કારણ ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને કાબૂમાં લેવા માટે ડિજિટલ અર્થતંત્રને પ્રોત્સાહન આપવા અને રોકડ વ્યવહારો ઘટાડવાનું હતું. ''ભારત આજે પણ ૮ વર્ષ પહેલા જ્યારે નોટબંધી લાગુ કરવામાં આવી હતી તેના કરતા વધુ રોકડનો ઉપયોગ કરી રહ્યું છે. અને અનૌપચારિક ક્ષેત્રને નષ્ટ કરીને એકાધિકારનો માર્ગ મોકળો કર્યો,'' કોંગ્રેસના ભૂતપૂર્વ વડાએ જણાવ્યું હતું. બિનકાર્યક્ષમ અને ખરાબ હેતુવાળી નીતિઓ કે જે વ્યવસાયો માટે ભયનું વાતાવરણ બનાવે છે તે ભારતની આર્થિક ક્ષમતાને નષ્ટ કરશે,'' તેમણે



ભારપૂર્વક જણાવ્યું હતું. એક નવા સોદાની જરૂર છે જે દેશભરમાં વાજબી વ્યવસાયોની ઊર્જાને અનલૉક કરવા માટે નિષ્પક્ષતા અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે.'' ગાંધીએ એક ચાર્ટ પણ શેર કર્યો જે દર્શાવે છે કે કેવી રીતે જનતા પાસે રોકડ ૨૦૧૩-૧૪માં જીડીપીના ૧૧ ટકાથી ઘટીને ૨૦૧૬-૧૭માં ૮ ટકા થઈ અને હવે તે વધીને ૨૦૨૦-૨૧માં જીડીપીના ૧૪ ટકા થઈ ગઈ છે. ચાર્ટ બતાવે છે કે ૨૦૨૨-૨૩માં જનતા પાસે રોકડ હવે જીડીપીના ૧૨ ટકા છે.

આર્થિક બાબતોના નિષ્ણાતોના મતે દેશમાં ખોટી નીતિઓના કારણે વ્યાપાર જગત માટે ભયનું વાતાવરણ ખડું થયું છે. જેના કારણે દેશની આર્થિક ક્ષમતા નબળી પડી રહી છે. ભારતની આર્થિક પ્રગતિ માટે નવી નીતિની જરૂર છે જે નિષ્પક્ષતા અને સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે અને નાના અને પ્રામાણિક વ્યવસાયોને વિકાસની તક આપે.

ઉલ્લેખનીય છે કે ૮ નવેમ્બર ૨૦૧૬ની તારીખ દેશમાં એક મોટા નિર્ણય અને પરિવર્તનની સાક્ષી છે. હકીકતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ૮ વર્ષ માટે નોટબંધીની જાહેરાત કરી હતી. આ પછી તે જ દિવસે મધરાતથી ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી બહાર થઈ ગઈ હતી. સરકારના આ નિર્ણયથી દેશમાં ભારે ખળભળાટ મચી ગયો હતો, પરંતુ ત્યારબાદ નવી નોટો કરન્સી માર્કેટનો એક ભાગ બની ગઈ હતી. વર્ષ ૨૦૨૨માં આવેલા એક રિપોર્ટ અનુસાર, નોટબંધી બાદ દેશમાં કેશ સર્ક્યુલેશનમાં ૭૧.૮૪ ટકાનો વધારો થવા પામ્યો છે. જ્યારે ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ નોટબંધીની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે ૪ નવેમ્બર ૨૦૧૬ના રોજ દેશમાં ૧૭.૭ લાખ કરોડ રૂપિયાની રોકડ હતી. જ્યારે ૨૯ ઓક્ટોબર ૨૦૨૧થી તે વધીને ૨૯.૧૭ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી. એટલે કે, ૨૦૨૧માં નોટોના સર્ક્યુલેશનમાં લગભગ ૬૪ ટકાનો વધારો થયો હતો, જે વર્ષ ૨૦૨૨માં એટલે કે નોટબંધીના છઠ્ઠા વર્ષે વધીને લગભગ ૭૨ ટકા થઈ ગયો હતો.

# મહાયુતિમાં ચિંતાના વાદળો :પોસ્ટરમાંથી એકનાથ સિંદે જ ગાયબ

## મહાયુતિ અને મહાવિકાસ આઘાડી વચ્ચેના મતભેદો ચરમસીમાએ

નવીદિલ્હી તા. ૮

મહારાષ્ટ્રમાં જેમ જેમ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ મહાયુતિ અને મહાવિકાસ આઘાડી વચ્ચેનો કટાક્ષ પણ તેજ થઈ રહ્યો છે. આ ઉપરાંત ચૂંટણી સમયે ગઠબંધનમાં મતભેદો સપાટી પર ન આવવા દેવાનો પણ પડકાર છે. ભાજપનું કહેવું છે કે મહાગઠબંધનની જીત બાદ આગામી સરકાર પણ એકનાથ શિંદેના નેતૃત્વમાં જ બનશે. તે જ સમયે, કોંગ્રેસે દાવો કર્યો છે કે ભાજપ માત્ર એકનાથ શિંદેને પોતાની સાથે રાખવા માટે લાલચ આપી રહ્યું છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે, ભાજપ હવે એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાની નથી. ભાજપે પણ પોસ્ટરમાં દેવેન્દ્ર ફડણવીસની માત્ર મોટી તસવીર જ છાપી છે અને એકનાથ શિંદેની તસવીર મુખ્ય નથી. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ભાજપનો ચહેરો છે. ભાજપ હવે કહી રહી છે કે એકનાથ શિંદે જ મુખ્યમંત્રી બનશે. તેઓ માત્ર એટલું જ કહી રહ્યા છે કે અમે એકનાથ શિંદેના નેતૃત્વમાં ચૂંટણી લડી રહ્યા છીએ. ખબર નથી કે પછી શું થશે. અમિત શાહે એમ પણ કહ્યું કે અમે તેમને તક આપી. ભાજપના બતાવવાના દાંત અને ખાવાના દાંત અલગ છે. ભાજપ કોઈપણ ચહેરાની જાહેરાત કરી રહી નથી. ભાજપના બેનરો વિશે વાત કરતાં તેમણે કહ્યું કે તેમાં ત્રણેય પક્ષોના ચિન્હો છે પરંતુ ચહેરા માત્ર પીએમ મોદી અને દેવેન્દ્ર ફડણવીસના છે. બીજેપીના બેનર પર એકનાથ શિંદે ક્યાંય નથી. ન્યૂઝ ૧૮ના અહેવાલ મુજબ પટોલેએ કહ્યું કે આ વખતે પણ નાગપુર દક્ષિણ પશ્ચિમથી દેવેન્દ્ર ફડણવીસની જીત નિશ્ચિત નથી. ભાજપના નેતા આ બેઠક પર સતત પાંચ વખત ધારાસભ્ય રહ્યા છે. પટોલેએ કહ્યું, ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારનું લક્ષ્ય સ્પષ્ટ છે. તેઓએ ભાજપને હરાવવાની છે. આ સિવાય મુખ્યમંત્રીનો નિર્ણય અમારી ટોચની નેતાગીરી લેશે. તેમણે કહ્યું કે સમગ્ર રાજ્યમાં કોંગ્રેસનો પ્રભાવ છે જ્યારે અન્ય સહયોગીઓના વિસ્તારો નિશ્ચિત છે. એટલા માટે અમે વધુ સીટો પર ચૂંટણી લડી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટીએ કહ્યું છે કે, એકનાથ શિંદે સહિત ગઠબંધનની અંદર કોઈ નેતાએ અત્યાર સુધી સીએમ પદની માંગ કરી નથી. ફડણવીસે ઈન્ડિયા ટુડેને કહ્યું, ''દરેકને વિશ્વાસ છે કે નિર્ણય ન્યાયી હશે.'' બીજેપી નેતાએ કહ્યું, ''મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી મુખ્યમંત્રી પદ માટે કોઈ મ્યુઝિકલ ચેર હશે નહીં. આવી કોઈ વ્યવસ્થા માટે કોઈ વચન આપવામાં આવ્યું નથી, કારણ કે અમારી પાસે પહેલાથી જ આગામી મુખ્યમંત્રી પસંદ કરવાની નીતિ છે.''

## શબ્દ બ્રહ્મ

સદ્દગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રબોધનો બોધ!

## પતિવ્રતા સ્ત્રીનાં વ્રતનો ભંગ કરનાર જો ઈશ્વર હોય તો એ પણ દંડિત થાય છે

### લેખિકા પરિચય

'રાજકોટ મિરર'માં શરૂ થઇ રહેલી કોલમ 'શબ્દબ્રહ્મ'ના લેખિકા ફાલ્ગુની વસાવડાના પરિચયની ઝલક



- ભાવનગરના ગૃહિણી ફાલ્ગુની વસાવડા બી.એસ.સી થયેલા છે.
- તેઓ સરસ્વતી દેવી તથા સદ્દગુરૂની કૃપાથી આધ્યાત્મિક લેખન-પ્રવૃતિમાં વ્યસ્ત રહે છે.
- પ્રતિલિપિ એપ.માં તેઓના લખાણો પ્રકાશિત થાય છે. દસ લાખથી વધારે વાંચકો ધરાવે છે.
- વિવિધ વ્હોટ્સએપ ગ્રુપમાં તેઓના પ્રેરક લેખો છવાયેલા રહે છે.
- આ ઉપરાંત ફાલ્ગુનીજી વિવિધ અખબારો-સાપ્તાહિકોમાં વિવિધ વિષયો પર લેખો લખે છે. ઈ-બુકમાં વાર્તાઓ પણ લખે છે. આ લેખિકા હવે 'રાજકોટ મિરર'ના પાને પણ શબ્દ સુગંધ ફેલાવશે.

આપણી દિવાળી પૂરી થઈ અને હવે દેવની શરૂ થશે. ચક્ર ઉંધુ ફર્યું એમ લાગે પણ ભગવાન પહેલા ભક્તને ખુશી આપે અને પછી પોતે ખુશ થાય. કારતક સુદ અગિયારસને પ્રબોધિની અગિયારસ અથવા તો દેવ ઉઠી અગિયારસ પણ કહેવામાં આવે છે. અષાઢ મહિનાની અગિયારસ એ દેવને પોઢાડવામાં આવે છે, અને કારતક માસની અગિયારસે ઉઠાડવામાં આવે છે, અને ઘણાં ચાતુર્માસની અગિયારસના વ્રતનો પણ ઘણાં સંકલ્પ કરે છે. આજે દેવ એટલે ભગવાન વિષ્ણુના લગ્નનો દિવસ પણ છે, અથવા તો દેવની દિવાળી ની શરૂઆત થઈ. આપણી દિવાળીની જેમ આ દિવાળી પણ અગિયારસથી પૂનમ સુધી ઉજવવામાં આવે છે. હિન્દુ પંચાંગ પ્રમાણે આજથી લગ્નની મોસમ પણ શરૂ થશે. પહેલાં ભગવાનના લગ્ન થાય, પછી જ આપણાં લગ્ન થાય એવી પ્રથા આ સાથે જોડાયેલી છે.ઉપરાંત આ દિવસને તુલસી વિવાહ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ દરેક હિંદુઓના ઘરમાં તુલસીનો ક્યારો કે કૂંડું જોવા મળે છે, તુલસી લક્ષ્મીનું સ્વરૂપ છે. જેને કોઈ ને દીકરી ન હોય તે તુલસી વિવાહ કરી, કન્યાદાનનું પુણ્ય મેળવે છે. સમાજના બે પ્રતિષ્ઠિત મોભી એક વિષ્ણુ એટલે કે શાલીગ્રામના પિતા બને છે, અને એક તુલસીના પિતા બની, આ કાર્ય જાહેર જગ્યામાં ઉજવણી રૂપે કરવામાં આવે છે. તુલસી વિવાહ સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. પૌરાણિક સમયમાં રાક્ષસ કુળમાં વૃંદા નામની એક કન્યાનો જન્મ થાય છે, જે રાક્ષસ કુળમાં જન્મી હોવા છતાં વિષ્ણુની પરમ ભક્ત હોય છે, અને દિવસ-રાત વિષ્ણુની પૂજા કરવી એ તેનો રોજીંદો નિયમ હતો. મોટી થતાં આ કન્યાના લગ્ન રાક્ષસ કુળના જ જલંધર નામના એક રાજા સાથે થાય છે. જલંધર બધી જ રીતે બહાદુર હતો, અને તે એક બાહોશ યોદ્ધા પણ હતો. તે સમયગાળા દરમિયાન દેવ-દાનવ વચ્ચે યુદ્ધ થયું, અને જલંધર તે યુદ્ધમાં લડવા માટે નીકળે છે, ત્યારે તેની પતિવ્રતા પત્ની વૃંદા પતિને જણાવે છે, કે આપ યુદ્ધ કરીને પાછા નહીં ફરો ત્યાં સુધી હું અહીં આપના આયુષ્ય માટે મંત્ર અનુષ્ઠાન કરીશ. એ પછી તે યુદ્ધ માટે ચાલી નીકળે છે, અને યુદ્ધમાં દેવતાઓને જલંધરનો મુકાબલો કરવો બહુ અઘરો પડે છે. કોઈ તેને હરાવી શકતું નથી, આથી દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે જાય છે, અને જલંધરને હરાવવા માટે કોઈ માર્ગ કરવાનું કહે છે. ભગવાન વિષ્ણુ સ્પષ્ટ રીતે ના પાડે છે, કે તેની પત્ની વૃંદા મારી પરમ ભક્ત હોયને, હું તમારી કોઈ મદદ કરીશ નહીં, પરંતુ દાનવો ને હરાવવા માટે એ સિવાય બીજો કોઇ છુટકો ન હોવાથી, અંતે માની જાય છે. ભગવાન વિષ્ણુ પોતે સ્વયં જલંધરનું રૂપ ધરી અને વૃંદા પાસે પહોંચે છે.મંત્ર અનુષ્ઠાનમાં બેઠેલી વૃંદા, પતિને જોઈ અને મંત્ર કરતી ઉભી થઇ તેનો ચરણ સ્પર્શ કરે છે, આ રીતે તેનું અનુષ્ઠાન વચ્ચેથી અધૂરું છૂટતા, અહીં જલંધરનું મૃત્યુ થાય છે, અને તેનું મસ્તક આવીને અહીં પડે છે. વૃંદા પતિના મસ્તક સામે જોવે છે, અને સામે ઉભેલ જલધર સ્ત્રપે વ્યક્તિને જુએ છે. ત્યારે ભગવાન વિષ્ણુ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે, અને આથી વૃંદાને આખી યોજના સમજાઈ જાય છે. એક પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરવા માટે ક્રોધિત થઈ તે તાત્કાલિક ભગવાનને શ્રાપ આપે છે, કે તે પથ્થર બની જાય, અને ભગવાન તરત જ પથ્થર બની જાય છે. આ વાતથી દેવતાઓમાં હાહાકાર મચી જાય છે, અને લક્ષ્મીજી વૃંદાને આજીજી કરે છે, તેથી વૃંદા ભગવાનને શ્રાપ મુક્ત કરે છે. આ પથ્થરને આપણે શાલીગ્રામ તરીકે ઓળખીએ છીએ. ભગવાન શંકરાચાર્ય બતાવ્યા મુજબની પંચ દેવપૂજામાં આપણે વિષ્ણુ તરીકે શાલિગ્રામને જ રાખીએ છીએ. સતી વૃંદા તે પછી પતિના મસ્તકને ખોળામાં રાખી સતી થાય છે, અને એ રાખમાંથી તુલસીનો જન્મ થાય છે. તેથી તે તુલસી સાથે શાલીગ્રામ સ્વરૂપે ઈશ્વરનાં લગ્ન કરવાથી તેને શ્રાપમાંથી મુક્તિ મળે છે. તે દિવસથી ભગવાનનો અંશ આ પથ્થરમાં પણ વાસ કરે છે, અને તુલસી પર્ણ વગર તે કોઈ ભોગ ગ્રહણ નહીં કરે તેવું પણ કહે છે. આ અગિયારસનું નામ પ્રબોધિની એટલા માટે રાખવામાં આવ્યું છે, કે આ અગિયારસ આપણને એક બોધ આપે છે, કે પતિવ્રતા સ્ત્રીનું વ્રત ભંગ કરનાર જો સ્વયં ઈશ્વર હશે, તો તેને પણ શ્રાપ લાગી શકે છે. માટે એવી સ્ત્રી દેવ કુળની હોય, રાક્ષસ કુળની હોય, કે પછી નાગ ગંધર્વ કે માનવ કુળની હોય, પણ તેનો પતિવ્રતા ધર્મ જો અખંડ હશે, તો તેને ઈશ્વર પણ હરાવી નહીં શકે. સતી વૃંદાએ તે વખતે ઈશ્વરને એક બીજો શ્રાપ આપ્યો હતો, કે તમારે પણ પત્ની વિયોગ સહન કરવો પડશે, એટલે વિષ્ણુ ભગવાન રામ તરીકે જન્મ લે છે, અને સીતાના વિયોગનું દુઃખ સહન કરે છે. તો આ થઈ પૌરાણિક વાત કે જેને કારણે આપણે ત્યાં તુલસી વિવાહ થાય છે. લક્ષ્મીના અવતાર તરીકે કે સતી વૃંદા સ્વરૂપે આપણે ત્યાં તુલસીને દરેક આંગણામાં સ્થાન મળ્યું છે, અને હિન્દુ સ્ત્રીઓ રોજ તુલસીનું પૂજન કરી, પોતાનું સુખ-સમૃદ્ધિ ટકાવી રાખવા તુલસી સ્ત્રપે લક્ષ્મી માતાની પૂજા કરે છે. આ ઉપરાંત તુલસીને એક આયુર્વેદિક ઔષધી પણ બતાવવામાં આવી છે, જે લગભગ દરેક પ્રકારના રોગમાં ઉપયોગી છે.ખાસ કરીને શરદી સળેખમ અને પેટના રોગોમાં તુલસીના પાનનો અર્ક ગ્રહણ કરવો, અથવા તો તુલસીના પાનનો ઉકાળો બનાવીને પીવાથી, ઘણી રાહત રહે છે. તુલસી છોડ રૂપે જ લગભગ જોવા મળે છે. ત્રીસથી ચાલીસ સેન્ટિમીટર જેટલો ઊંચો તેનો છોડ થાય છે, અને લંબગોળ આકારના તેના પર્ણ હોય છે. સ્વાદમાં જરાક તીખા અને વિશિષ્ટ સુગંધ ધરાવતા આ પર્ણનું સેવન પણ ઘણા લોકો કરતા હોય છે. તુલસીમાં પણ ઘણા પ્રકાર જોવામાં આવે છે. શ્યામ તુલસી, રામ તુલસી, તિલક તુલસી, તેમજ વન સ્વરૂપે જોવા મળતા ગાઢ તુલસી. અમુક ઊંચાઈ સુધી છોડની વૃદ્ધિ થતાં તેમાં માંજર આવે છે, અને આ માંજરમાંથી બીજા તુલસીના છોડ બંને છે. વૈષ્ણવના ઘરમાં તુલસી વિવાહ થયા પછી તુલસી મુરજાઈ જાય છે, તેવી એક માન્યતા પણ પ્રચલિત છે, તેથી તેઓ આ માંજર લગ્ન પહેલાથી જ બીજા કુંડામાં વાવી દેતા હોય છે, જેથી કરીને બીજો છોડ તરત થવા લાગે. આ ઉપરાંત ઘણા પ્રાંતોમાં આ લગ્ન અગિયારસથી શરૂ કરી પૂનમ સુધી ઉજવવામાં આવે છે, અને પૂનમના દિવસે ભગવાન શાલીગ્રામના તુલસી સાથે સાત ફેરાથી વિધિવત લગ્ન સંપન્ન કરવામાં આવે છે. આપણે સૌ આ દેવની દિવાળીની ઉજવણી આંતરિક રીતે ગુણ સમૃદ્ધ થઈને ઉજવીએ, દરેકે દરેક સ્ત્રીનું સન્માન કરીએ, અને ભક્તિભાવથી રોજ કોઈને કોઈ રીતે ઈશ્વરનું અનુસંધાન થાય તેવી પૂજાપાઠનો નિયમ લઈએ,

### સમસ્યાઓનું સમાધાન મોત જ ન હોઇ શકેઃ માણસ આ વાત ધ્યાને રાખે તો જિંદગીથી કદી થાકે નહિ

# પતિએ ઝેર પીતા પત્નિએ પણ પીધુંઃ પતિનું મોત

## મશીન પર કામ કરતાં પતિની આંગળી કપાઇ જતાં કામ થતું નહોતુંઃ તેથી કંટાળીને વખ ઘોળ્યું, સાથે પત્નિએ પણ ગટગટાવ્યુંઃ પત્નિનો બચાવ

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ જે માણસ જન્મ લે છે તેનું મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની ખબર હોતી નથી. રોજબરોજ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં અપમૃત્યુની ઘટનાઓ બનતી રહે છે જેમાં અનેક પરિવારો પોતાના સ્વજનો, આધારસ્તંભ, કંધોતરો ગુમાવતા રહે છે. અમુક કિસ્સાઓમાં હૃદય રોગના હુમલા મોતનું કારણ બને છે તો અમુકમાં વાહન અકસ્માતની ઘટનાઓમાં જીવ જાય છે. તો ક્યારેક લોકો જાતે જ પોતાની જિંદગીનો અંત આણી લેતાં હોય છે, એટલે કે આત્મહત્યા કરી લેતાં હોય છે. અલગ અલગ કારણોસર લોકો જિંદગીથી થાકી હારીને મોતનો રસ્તો અપનાવી લેતાં હોય છે. આવી વધુ એક કરૂણ ઘટના સામે આવી છે જેમાં પતિ-પત્નિ બંનેએ લગ્ન વખતે સાથે જીવવા મરવાના સોગંધ ખાધા હોય તેને નિભાવતા હોય તેમ મોત પણ સાથે મેળવી લેવા સજોડે ઝેરના પારખા કર્યા હતાં. જો કે આ ઝેર પતિનો જીવ લઇ ગયું હતું, પત્નિ બચી ગયા હતાં.

દામ્પત્ય જીવન ખંડીત થવાની આ કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો પતિને હાથની આંગળી કપાઇ જવાથી સમસ્યા હતી, તેથી તેણે આ સમસ્યામાંથી કાયમી છુટકારો મેળવવાનું નક્કી કરી આપઘાત કરી લેવાનું નક્કી કર્યુ હતું અને તેનો અમલ પણ કરી ઝેર પી લીધુ હતું. આ જોઇ પત્નિએ પણ ઝેર ગટગટાવી લીધુ હતું. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ઝેર પી લેનારા પતિ-પત્નિમાંથી પતિનું મોત થયું હતું અને પત્નિનો જીવ બચી ગયો હતો. પતિને ગુમાવનારા પત્નિ ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા હતાં. વિગતો પર નજર કરીએ તો જામનગર તાલુકાના ચાંપા બેરાજા ગામમાં ભારે ચકચાર જનક કિસ્સો સામે આવ્યો છે. એક દંપતીએ સજોડે આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જેમાં પતિનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે, જ્યારે પત્નિની હાલતમાં સુધારો થતાં રજા અપાઇ હતી. આપઘાતની આ ઘટના પાછળ એવુ કારણ બહાર આવ્યું હતુ કે પતિની હાથની આંગળી કપાઈ જતાં કામ થઈ શકતું ન હોવાથી આપઘાતનું પગલું ભર્યું હતું, તેને જોઈ જતાં પત્નિએ પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર જામનગર તાલુકાના ચાંપાબેરાજા ગામના વતની ચોત્રીસ વર્ષના ભદ્રેશસિંહ મંગુભા જાડેજા કે જેઓ અગાઉ અમદાવાદમાં રહેતા હતા, અને એક કારખાનામાં કામ કરતા હતા. ત્યાં તેઓની હાથની આંગળી કપાઈ ગઈ હતી, અને કામ કરી શકતા ન હતા. દરમિયાન તેઓ જામનગર પોતાના વતન ચાંપાબેરાજા ગામે આવી ગયા હતા. દરમિયાન થોડા દિવસ પહેલા રાત્રિના સમયે ભદ્રેશસિંહે પોતાની હાથની તકલીફના કારણે જિંદગીથી તંગ આવી જઇ ઘરમાં પડેલી



**બીજી એક ઘટનામાં પત્નિ રિસામણે જતાં આરોગ્ય કર્મચારી ગળાફાંસો ખાઇ 'લાંબા ગામતરે' ચાલી નીકળ્યોઃ ત્રીજી ઘટનામાં પેરેલિસીસ એટેકથી કંટાળી ચોકીદારે દુનિયા છોડી**

ઝેરી દવા પી લીધી હતી. આ વેળાએ તેમના પત્નિ હિરલબા ભદ્રસિંહ જાડેજા કે જેઓ જોઈ ગયા હતા, અને પતિના હાથમાંથી ઝેરી દવાની બોટલ ઝુંટવી લઈ પોતે પણ ઘુંટડો મારી લીધો હતો.

આ બનાવ બાદ પતિ-પત્નિ બંનેને જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, ત્યાં સારવાર દરમિયાન ભદ્રેશસિંહ જાડેજાનું મૃત્યુ નિપજ્યું હતું. જો કે પત્નિ હિરલબાની તબિયતમાં સુધારો થતાં તેણીને રજા આપવામાં આવી હતી. જે બનાવ અંગે હિરલબા જાડેજાએ પોલીસને જાણ કરતાં પ્રોબેશનલ એએસઆઈ એમ.એમ. જાડેજા બનાવના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, ત્યારબાદ તેઓએ હીરલબાનું નિવેદન નોંધ્યું હતું. જેમાં જાહેર કરાયું હતું, કે પોતાના પતિ ભદ્રસિંહ કે જેઓની હાથની આંગળી કપાઈ ગઈ હોવાથી કામ કરી શકતા ન હોવાના કારણે આપઘાતનું પગલું ભરી લીધું હતું, અને પતિના આ પગલાથી ડઘાઈ જવાના કારણે પોતે પણ ઝેરી દવા પી લઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવને લઈને ચાંપાબેરાજા ગામમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે. જીવનમાં માણસજીવ હોય તેને સુખ દુઃખ અને સારા નરસા બંને દિવસોનો સામનો કરવો પડતો હોય છે. મુશિબત સામે હારી જવું એ સમસ્યાનો રસ્તો કદાપી નથી જ. એ વાત જો માણસ યાદ રાખે તો મહામુલી જિંદગીથી કદી પણ નારાજ ન થઇ શકે.

બીજા બનાવમાં જામનગરમાં પટેલ પાર્કમાં રહેતા અને નીલકંઠ નગર આરોગ્ય કેન્દ્રમાં કેશબારીમાં ઓપરેટર તરીકે નોકરી કરતા એક કર્મચારીએ પોતાની પત્નીના વિયોગમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. પત્ની રિસાઈને ચાલી ગઈ હોવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પટેલ પાર્કમાં રહેતા અને નીલકંઠ નગર આરોગ્ય કેન્દ્રમાં કેસ બારી પર બેસતા હંગામી કર્મચારી જીગરભાઈ ગીરીશભાઈ સોલંકી નામના છવ્વીસવર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેના પિતા ગીરીશભાઈ વગેરે ૧૦૮ની ટીમને બોલાવી હતી, અને ૧૦૮ની ટીમે જીગરભાઈને નીચે ઉતારીને તપાસણી કરતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યુ હતું.

ઘટના અંગે મૃતકના પિતા ગિરીશભાઈ કાળાભાઈ સોલંકીએ પોલીસને જાણ કરતાં પીએસઆઇ એલ.બી.જાડેજા બનાવના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતકના દોઢ વર્ષ પહેલા લગ્ન થયા હતા. દરમિયાન તેની પત્નિ માનસીબેન કે જે છેલ્લા એકાદ માસ પહેલાં પતિ સાથે ઝઘડો થયો હોવાથી રિસાઈને માવતરે ચાલી ગઈ હતી. જેથી માઠુ લાગતાં તે ફાંસો ખાઇ લાંબા ગામતરે ચાલી નીકળ્યો હતો.

ત્રીજા બનાવમાં રાજકોટ બીગ બાઝાર પાછળ ગુલાબ વિહાર સોસાયટી શ્રીનાથ રેસિડેન્સીમાં ચોકીદારી કરતાં અને ચોકીદારની રૂમમાં રહેતાં છત્રીસ વર્ષના નેપાળી યુવાન કૈલાસ તુલબહાદુર સાઉદએ રૂમમાં પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આપઘાત કરનારને સંતાનમાં એક પુત્રી છે. તેને પેરેલિસિસનો એટેક આવ્યો હોઇ તેના કારણે કંટાળી જઇ આ પગલુ ભર્યાનું તાલુકા પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું.

# અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતું રિજીયોનલ સાયન્સ સેન્ટર

### વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ, સાયન્ટિફિક વર્કશોપ, સાયન્ટિફિક મુવી, આઉટડોર ગેમ્સની કરાઈ ઉજવણી

રાજકોટ, તા. ૮

રિજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટમાં વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ દ્વારા દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી.

દિવાળી એટલે અંધકાર પર પ્રકાશની જીત, અજ્ઞાનતા પર જ્ઞાનની જીતનું પ્રતીક, દિવાળી પ્રકાશ, સમૃદ્ધિ, એકતા, ક્ષમા, ખુશી અને પ્રેમનો તહેવાર છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ આજ ઉદેશ્ય સાથે આ દિવાળીમાં જ્ઞાનના દીપને પ્રગટાવી લોકોના જીવનમાં અંધકારરૂપી અજ્ઞાનતા દૂર થાય તે માટે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ, સાયન્ટિફિક વર્કશોપ, સાયન્ટિફિક મુવી, આઉટડોર ગેમ્સ, તેમજ ખાસ દિવસોની ઉજવણીઓ કરવામાં આવી હતી. આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવા રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટના સ્ટાફ દ્વારા દિવાળી સ્પેશિયલ 'હાથી મેરે સાથી' નાટક ભજવવામાં આવ્યું હતું. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટની થીમ અનુસાર 'લોકો દ્વારા, લોકો થકી' ૧૦૦૦ દીવાઓ પ્રગટાવી, આ દિવાળીને સ્પેશિયલ દિવાળી તરીકે ઉજવવામાં આવી હતી. આ સાથે વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં વિજ્ઞાનરૂપી પ્રકાશ ફેલાય તે હેતુ સાથે વિવિધ સાયન્ટિફિક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી હતી, જેમાં લિફ સ્ટોમાટા અંડર માઈક્રોસ્કોપ, વિવિધ રોબોટ ડેમોસ્ટ્રેશન્સ, સ્કેટરીંગ ઓફ લાઈટ, કઊઉ ડિસ્પ્લે ઓબ્ઝર્વેશન, સોલાર લુનાર ઇકલીપ્સ મોડેલ, લેટ્સ નો મેગ્નેટ્સ જેવી પ્રવૃત્તિઓ સામેલ હતી.

આ ઉપરાંત સેન્ટર ખાતે વિવિધ સાયન્ટિફિક વર્કશોપસ આયોજિત કરવામાં આવેલ હતા, જેમાં બેઝીક્સ ઓફ ઈલેક્ટ્રોનિક્સ વર્કશોપ, સીરામીક વર્કશોપ, હાઉ ટુ મેક બેરોમીટર વર્કશોપ, ફિઝિક્સ વર્કશોપ, રોબોટિક્સ વર્કશોપ સામેલ છે. સાયન્ટિફિક મુવીસમાં બ્રહ્માંડને લગતી કોસમોસ ડોક્યુમેન્ટરી ફિલ્મ દેખાડવામાં આવી હતી. આઉટડોર ગેમ્સમાં ટિક - ટેક, ઢ-જ્ઞ, રાઉન્ડ એન્ડ સ્કેવર, ટેક યોર પ્લેસ, જેવી ફ્ન એન્ડ લર્ન ગેમ્સનો લોકોએ આંનદ લીધો હતો. તેમજ ટેલિસ્કોપ એક્ટિવિટી દ્વારા અવકાશ દર્શનમાં સન સ્પોટ, શનિગ્રહ, શુક્રગ્રહ, ચંદ્રનું નિર્દશન કરાવવામાં આવ્યું હતું.

આ સાથે જ ખાસ દિવસોની ઉજવણીમાં તારીખ ૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટમા આવેલ નોબેલ પ્રાઈઝ ગેલેરી (ભૌતિકવિજ્ઞાન) શોભાવનાર બે નોબેલ પારિતોષિક વિજેતાઓ, ભારતરત્ન ડો. ચંદ્રશેખર વેંકટ રામન તથા મેડમ મેરી ક્યુરીની જન્મજયંતી હતી. આ વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓને શ્રદ્ધાંજલિના ભાગ રૂપે, રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટના સ્ટાફ દ્વારા ડો. ચંદ્રશેખર વેંકટ રામનની જીવની અને શોધ પર આધારિત નાટક 'કિરણ ની શોધ' ભજવવામાં આવ્યું હતું. મેડમ મેરી ક્યુરીના જન્મદિવસને રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસની ઉજવણીના ભાગ રૂપે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે કુંડારિયા કેન્સર પ્રિવેન્સન ફાઉન્ડેશનનાં સહયોગથી મુલાકાતિઓ માટે ફ્રી હેલ્થ ચેકઅપ તેમજ વિવિધ પ્રકારના કેન્સર વિશે માહિતી પ્રદાન કરવામાં આવી હતી. દિવાળીના પર્વની ઉજવણી દરમિયાન ૩૭૫૭ જેટલા મુલાકાતીઓએ રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે વિવિધ વિજ્ઞાન આધારિત પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો અને દિવાળી પર્વની ઉજવણી કરી હતી.

# US પિઝા સહિત ૨૩ પેઢી પર ફૂડ વિભાગના દરોડા

### અખાદ્ય દાજીયું તેલનો અંદાજીત ૬ કિલો જથ્થો સ્થળ પર જ કરાયો નાશ : ખાદ્યચીજોના કુલ ૨૩ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ





રાજકોટ તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ પ્લસ ૧૦૧, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ મુકામે આવેલ ''ઓમ ફૂડ (યુ. એસ. પીઝા)'' પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ ડેઝર્ટ-ડોન બ્રાન્ડ આઇસ્ક્રીમનો જથ્થો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ મુજબના લેબલીંગની વિગતો દર્શાવ્યા વગરનો તેમજ પડતર માલૂમ પડતાં અંદાજીત ૨૫ લિટર જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, લાયસન્સ ધારક સપ્લાયર પાસેથી ખરીદ કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચામુંડા સોસાયટી, કુવાડવા રોડ, રાજકોટ મુકામે આવેલ ''બજરંગ પાણીપૂરી'' ની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી અખાદ્ય દાજીયું તેલનો અંદાજીત ૦૬ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ગાયત્રીનગર મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૩ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૮ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૨૩ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

મળતી માહિતી મુજબ લાયસન્સ મેળવવા બાબતે જલારામ ફરસાણ, આરાધના પ્રોવિઝન સ્ટોર, ઘનશ્યામ પ્રોવિઝન સ્ટોર, વિનાયક બેકરી એન્ડ પાર્લર, પાલજી સોડા શોપ, સોમનાથ નમકીન, ચામુંડા ફરસાણ, બાપા સીતારામ ડેરી ફાર્મને નોટિસ પાઠવવામાં આવી હતી.

એવી જ રીતે આશાપુરા કિરાણા ભંડાર, જય શક્તિ માં દાળ પકવાન, ઇગલ બેકરી, રાધેશ્યામ ડેરી ફાર્મ, ધરતી પરોઠા હાઉસ, ક્રિષ્ના ગાંઠીયા, જલારામ ખમણ હાઉસ, ઉમિયાજી ફરસાણ, જલિયાણ ફરસાણ, નીલકંઠ ડેરી ફાર્મ, બાલાજી ફરસાણ, વૃંદાવન ડેરી ફાર્મ, મહેશ ડેરી ફાર્મ, સીતારામ વિજય પટેલ ડેરી ફાર્મ, શિવમ ડેરી ફાર્મ ની ચકાસણી કરવામાં આવી હતી.

### કુલ ૬ નમૂના તપાસ અર્થે મોકલાયા

- રામદેવ સ્પાઈસી મિક્સ ઈન્ડિયન નમકીન
- રામદેવ નવરત્ન મિક્સ ઈન્ડિયન નમકીન
- ચેડલ્સ મેંગ્લોરી મિક્સ
- ચેડલ્સ રોસ્ટેડ કોથમીર ચેવડા
- પેપરબોટ લીચી
- પેપરબોટ સ્વિંગ ઝેસ્ટી

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી મહિને ત્રણ દિવસ સુધી સ્પર્ધકો દાખવશે પોતાનું કૌવત

# ત્રેપનમો ખેલકૂદ મહોત્સવઃ આંતર કોલેજો વચ્ચે જંગ

## અલગ અલગ આડત્રીસ ઈવેન્ટ્સમાં સ્પર્ધકો બનાવશે નવા નવા રેકોર્ડસઃ તડામાર તૈયારી

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ શિયાળાના પગરવ મંડાઇ રહ્યા છે તે સાથે લોકો તબિયતને ટનાટન બનાવવા વોકીંગ, રનીંગ સહિતની પ્રવૃતિઓને વેગ આપી રહ્યા છે. રમત ગમતની પ્રવૃતિ પણ વધી જાય છે. આ વચ્ચે રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ રમતોત્સવનું આયોજન કરાયું છે. જે અંતર્ગત આગામી ડિસેમ્બર મહિનામાં આંતર કોલેજ એથલેટિક મીટ એટલે કે ત્રેપનમો ખેલકૂદ મહોત્સવ યોજાશે. જેમાં અનેક પ્રકારની રમતોમાં ભાગ લઇ સ્પર્ધકો પોતાનું કૌવત દેખાડશે. કુલ આડત્રીસ જેટલી ઈવેન્ટસમાં પાંચમી, છઠ્ઠી અને સાતમી ડિસેમ્બરે ખેલાડીઓ ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે યોજાયેલી આ એથલેટ મીટમાં એક છાત્રએ ત્રણ અને છ છાત્રોએ સાત અલગ અલગ રેકોર્ડ બનાવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો ગયા વર્ષે અડસઠ કોલેજના પાંચસો જેટલા વિદ્યાર્થી ખેલાડીઓએ જ ભાગ લીધો હતો, જેથી આ વર્ષે પણ તેટલા જ ખેલાડીઓ ભાગ લે તેવું અનુમાન છે. જોકે, યુનિવર્સિટી સંલગ્ન ૨૩૫ જેટલી કોલેજો છે, તેમ છતા તેમાંથી ચાર ગણી ઓછી કોલેજોના ખેલાડીઓ ખેલકૂદ મહોત્સવમાં ભાગ લેતા હોય છે. જેથી વધુમાં વધુ ખેલાડીઓ ખેલકૂદ મહોત્સવમાં ભાગ લે તેવા -યાસો કરવામા આવશે. આંતર કોલેજ એથલેટિક મીટમાં દોડ, કૂદ અને રિલે એમ ત્રણ વિભાગની આડત્રીસ ઈવેન્ટ સતત ત્રણ દિવસ સુધી ચાલશે. એથલેટિક્સ મિટના પહેલા દિવસે ૧૦,૦૦૦ મીટર દોડ, લંગડી ફાળ, વાંસકુદ, બરછી ફેક, હર્ડલ્સ સ્પર્ધાઓ યોજાય છે. બીજા દિવસની ખેલકુદ સ્પર્ધાઓમાં ચક્ર ફેંક, ૫૦૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડ, ગોળા ફેક, હથોડા ફેક ૪૦૦ મીટર હર્ડલ્સ, ૧૦૦ મીટર અને ઊંચી કૂદ સ્પર્ધા યોજાય છે.

જ્યારે ત્રીજા અને અંતિમ દિવસે ૧૫૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાંબી કુદ, ૪× ૧૦૦મી રિલે અને ૦૪ ×૪૦૦ મીટર રિલે દોડ સહિતની સ્પર્ધાઓ યોજાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાએ વિગતો આપતા કહ્યું હતું કે શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા વર્ષમાં બે મોટી ઈવેન્ટ યોજવામાં આવે છે. જેમાં એક યુવક મહોત્સવ અને બીજી એથલેટિક મીટ હોય છે. જેમાં એથલેટિક મીટ એ સ્પોટ્ર્સની સૌથી મોટી ઈવેન્ટ ગણવામાં આવે છે. જેમાં ૩૫થી ૪૦ ઈવેન્ટ યોજવામાં આવે છે. જે આ વર્ષે આગામી પાંચમી, છઠ્ઠી અને સાતમી ડિસેમ્બર એમ ત્રણ દિવસ યોજવામાં આવશે. ખેલકૂદ મહોત્સવ દરમિયાન ત્રણ દિવસ સુધી અલગ-અલગ પ્રકારની ઈવેન્ટનુ આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત આ ખેલકૂદ મહોત્સવ ત્રણ વિભાગમાં યોજવામાં આવશે. જેમાં દોડ, કૂદ અને ફેંકનો સમાવેશ કરવામાં આવે છે.



સામાન્ય રીતે લોંગ ઇવેન્ટથી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવતી હોય છે, ત્યારે ૫ ડિસેમ્બરના ૧૦૦૦૦ મીટર દોડ અને ૬ ડિસેમ્બરના ૫૦૦૦ મીટર દોડની ઈવેન્ટનુ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડની સાથે લોંગ જમ્પ, ત્રિપલ જમ્પ સહિતની ઈવેન્ટ યોજવામાં આવશે. એથલેટિક્સ મીટમાં ભાગ લેતા ખેલાડીઓમાંથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા પ્રથમ ત્રણ વિજેતાઓને રોકડ ઇનામ અને મેડલ એનાયત કરવામાં આવશે. જે બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એથલેટિક્સની ટીમ બનશે તે ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. જેમાં આ વખતે રનિંગ, જમ્પિંગ, રિલે, ૪૦૦ મીટર હર્ડલ્સ, શોર્ટ પૂટમાં ખેલો ઇન્ડિયા અને ઓલ ઇન્ડિયામાં મેડલ મળે તેવી અપેક્ષા છે.

એ પણ નોંધનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં બાવનમો વાર્ષિક ખેલકુદ મહોત્સવ યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ૬૮ કોલેજોના પાંચસો જેટલા ખેલાડી ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો.

ત્રણ દિવસ સુધી આડત્રીસ સ્પર્ધાઓનું આયોજન થયુ હતુ, જેમાં ૧૦ નવા રેકોર્ડ પ્રસ્થાપિત થયાં હતા. ગત વર્ષે ૧૦,૦૦૦ મીટર દોડ ભાઈઓમાં ૪૩ વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો હતો.

આ વખતે પણ અનેક નવા રેકોર્ડ સર્જાય તેવી આશા રાખવામાં આવી રહી છે.

જેને પ્રેમ કરતો હતો એ યુવતિ પરણી ગઇ પછી તેને ભગાડી કરાર કરીને રહેતાં યુવાન અને તેના માતા-પિતા પર હુમલો થયો હતોઃ વારાફરતી ત્રણેયના મોત

# મૈત્રી કરારની માથાકુટ ટ્રીપલ મર્ડર સુધી પહોંચતાં કાળો કલ્પાંત

## હુમલો થતાં યુવાન દિકરો અને પતિને ગુમાવનારા મહિલાનો પણ રાજકોટમાં સારવાર દરમિયાન જીવ ગયોઃ પરિવાર અને થાનગઢમાં ગમગીની

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

રાજકોટઃ લવલફરા, પ્રેમપ્રકરણોમાં ડખ્ખા થવાને કારણે મારામારી અને હત્યાની ઘટનાઓ અવાર-નવાર બને છે. આવી જ એક ઘટના એક જ પરિવારના દંપતિ અને દિકરાનો ભોગ લઇ ગઇ છે. દિકરાએ કરેલા મૈત્રીકરારને કારણે એવી માથાકુટ થઇ કે ત્રણ ત્રણ હત્યા થઇ ગઇ. આ ઘટનાની સમગ્ર સુરેન્દ્રનગર પંથક, થાનગઢ પંથકમાં ચકચાર મચી ગઇ છે. યુવાન જેને પ્રેમ કરતો હતો એ યુવતિના લગ્ન બીજે થઇ ગયા પછી તે તેણીને ભગાડી લાવ્યો હતો અને મૈત્રીકરાર કરીને તેની સાથે રહેતો હતો. આ વાતનો ખાર રાખી આ પરિણીતાના પતિ, ભાઇ સહિતનાએ મધરાતે વાડીમાં ઘુસી હુમલો કરી દીધો હતો. જેમાં આ યુવાન અને તેના પિતાની લોથ ઢળી ગયા બાદ વચ્ચે પડેલા યુવાનના માતા પણ ઘવાયા હતા. તેમનું પણ રાજકોટમાં સારવાર દરમિયાન મોત થતાં આ ઘટના ટ્રીપલ હત્યામાં પલ્ટાઇ જતાં ચકચાર મચી ગઇ છે.



સમગ્ર ઘટનાની વિગતો જોઇએ તો થાનગઢમાંરૂપાવટી રોડ પર રામાધણી નેસ પાસે આવેલી રમેશભાઇની વાડીમાં રહી મજૂરી કરતાં સત્યાવીસ વર્ષના યુવાન ભાવેશ ઘુઘાભાઇ બજાણીયા અને તેના પિતા સાઇઠ વર્ષના ઘુઘાભાઇ દાનાભાઇ બજાણીયા ઉપર બુધવારે મોડી રાતે હીચકારો હુમલો કરી બંનેને મોતને ઘાટ ઉતારાયા હતાં. પતિ-દિકરાને બચાવવા વચ્ચે પડેલા પંચાવન વર્ષના મંજુલાબેન ઘુઘાભાઇ બજાણીયાને પણ પેટમાં છરી ભોંકી દેવાઇ હોઇ તેમને પણ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આજે તેમણે પણ દમ તોડી દેતાં આ ઘટના ટ્રીપલ મર્ડરમાં પરિણમતાં અરેરાટી કલ્પાંત સર્જાયો હતો. વધુ વિગતો પર નજર કરીએ તો થાન રહેતાં ભાવેશ બજાણીયાને બાજુના વરમાતર ગામની સંગીતા સાથે પ્રેમસંબંધ હતો. પણ સંગીતાના થોડા મહિના પહેલા મનડાસરના દિનેશ શાપરા સાથે લગ્ન કરી દેવાયા હતાં.

ત્યારપછી આજથી પાંચેક મહિના પહેલા ભાવેશ સંગીતાને ભગાડી લાવ્યો હતો અને મૈત્રી કરાર કરી લીધા હતાં. ત્યારથી બંને પતિ-પત્નિ તરીકે રહેતાં હતાં. આ બાબતનો ખાર રાખી સંગીતાના પતિ દિનેશ શાપરા, તેના ભાઇ દિનેશ સાબરીયા સહિતનાએ પરમ દિવસે મોડી રાતે વાડીમાં ઘુસી છરી, ધોકાથી હુમલો કરતાં ભાવેશ અને પિતા ઘુઘાભાઇ બંનેને ગંભીર ઇજાઓ પહોંચી હતી. આ વખતે વચ્ચે પડેલા ભાવેશના માતા મંજુલાબેન ઘુઘાભાઇ બજાણીયાને પણ છરી ભોંકી દેવાઇ હતી. ત્રણેયને થાન હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ભાવેશને મૃત જાહેર કરાયો હતો. ઘુઘાભાઇ અને પત્નિ મંજુલાબેનને રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિ ઘુઘાભાઇએ દમ તોડી દેતાં બનાવ ડબલ મર્ડરમાં પલ્ટાયો હતો. દરમિયાન સારવારમાં રહેલા મંજુલાબેનનું પણ રાજકોટ ખાતે મોત થતાં બનાવ ટ્રીપલ મર્ડરમાં પલ્ટાઇ જતાં પોલીસ દોડતી થઇ હતી. આ બનાવથી પરિવારજનો અને થાન પંથકમાં કલ્પાંત સર્જાયો હતો. હત્યારાઓને ઝડપી લેવા પોલીસની ટીમો કામે લાગી છે. એક જ પરિવારના ત્રણ ત્રણ લોકોની હત્યાથી ગામમાં પણ અરેરાટી વ્યાપી ગઇ છે. વિજય અને રાજેશ બજાણીયા નામના બે ભાઇઓએ માતા, પિતા અને ભાઇ ગુમાવી દેતાં તેઓ શોકમાં ગરક થઇ ગયા હતાં. આમ મૈત્રીકરારની માથાકુટ એક જ પરિવારના ત્રણ ત્રણ સ્વજનોનો જીવ લઇ ગઇ હતી.

# છાપરાના વિદ્યાર્થી આપઘાત પ્રકરણનો આરોપી આચાર્ય ઝડપાયો

## કટારીયા ચોકડી નજીકથી સચિન વ્યાસને મેટોડા પોલીસના PI સંજય શર્મા સહિતના સ્ટાફે દબોચ્યો





રાજકોટ મિરર તા.૮

લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને મોટાવડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધો.૧૧ના વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર ત્રણેય શિક્ષકો સામે મેટોડા પોલીસમાં ગુન્હો નોંધાયા બાદ આચાર્ય અને બંને શિક્ષિકા ભાગતા ફરી રહ્યા છે. દરમિયાન આજે મેટોડા પોલીસના પીઆઈ સંજય શર્મા સહિતના સ્ટાફે આચાર્ય સચિન મનસુખ વ્યાસને કટારીયા ચોકડી નજીકથી દબોચી લઈને ધોરણસરની કાર્યાવાહી હાથ ધરી છે.

લોધિકા તાલુકાના છાપરા ગામે રહેતા અને મોટાવડા ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધો.૧૧ માં અભ્યાસ કરતા કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ ભરતભાઈ વરુએ ગઈ ૧૯.૧૦.૨૦૨૪ નાં રોજ શાળાના આચાર્ય અને બે શિક્ષકોના ત્રાસથી કંટાળી, વિડીયો બનાવી, સ્યુસાઈડનોટ લખી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જે તે સમયે રાજ્યવ્યાપી ચકચારી બનેલા આ બનાવમાં મૃતક વિદ્યાર્થીના પિતાની ફરિયાદ પરથી મેટોડા પોલીસે આચાર્ય સચિન વ્યાસ, શિક્ષિકા મોસમીબેન શાહ અને વિભૂતિ જોશી સામે ૨૦.૧૦.ના રોજ ગુન્હો દાખલ કર્યો હતો. આ સમયથી એટલેકે એક પખવાડીયાથી વધુના સમયથી ત્રણેય શિક્ષકો પોલીસ પક્કડથી દુર રહેવા ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

દરમિયાન આ ત્રણેય શિક્ષકોએ ગોંડલ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. પરંતુ ત્રણેયની આગોતરા જામીન અરજી કોર્ટે નામંજૂર કરતા પોલીસ માટે ત્રણેયથી ધરપકડ માટે માર્ગ મોકળો થઇ ગયો છે. અને ગમે તે ઘડીએ ત્રણેયને દબોચી લેવા મેટોડા પોલીસે કવાયત આદરી હતી. દરમિયાન મોટાવડા ગામની માધ્યમિક સ્કૂલનો પ્રિન્સીપાલ રાજકોટની કટારીયા ચોકડી નજીક ઉભો હોવાની બાતમી પરથી મેટોડા પોલીસ કાફલાએ ત્રાટકીને સચિનને દબોચી લીધો હોવાનું પીઆઈ સંજય શર્માએ ‘‘ રાજકોટ મિરર‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. તેઓએ એવુ પણ જણાવ્યું હતું કે પકડાયેલા આચાર્ય સચિન વ્યાસ પાસેથી જેટલી માહિતી નીકળે તેટલી કઢાવવા પ્રયાસ કરાશે. તેમની માહિતી કોઈ ગેરમાર્ગે દોરતી હોવાનું જણાશે તો રિમાન્ડ પર લઈને વધુ પૂછપરછ હાથ ધરાશે.

# દેવનગરમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ૧.૧૩ લાખની મત્તા ઉસેડી ગયા

## રાજસ્થાન ફરવા ગયા હતા : સીસી ટીવી કેમેરાના ફુટેજમાં એક શખ્સ દેખાયો

રાજકોટ મિરર, તા.૮

શહેરના નાનામવા રોડ પર દેવનગરમાં રહેતો પરિવાર દિવાળીની રજાઓમાં રાજસ્થાન ફરવા જતા પાછળથી તેમના બંધ મકાનને નિશાન બનાવી અહીંથી રોકડ રકમ અને સોના ચાંદીના-દાગીના સહિત ૧.૧૩ લાખની મત્તા ચોરી ગયાની માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે સીસી ટીવી કેમેરાના ફ્ટેજમાં દેખાયેલા એક તસ્કારની શોધખોળ આદરી છે.

મળતી વિગતો મુજબ,નાનામવા મેઈન રોડ પર વાત્સલ્ય હોસ્પિટલ પાસે દેવનગર શેરી નંબર - ૬ માં રહેતા રાહુલ રમેશભાઈ દાફડા(ઉ.વ ૨૬) નામના યુવાને માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગત તા.૪/૧૧ ના બપોરના સમયે તે તથા તેમના પિતા તેમના માતા અને પત્ની સહિતનાઓ મીની બસમાં રાજસ્થાન ફરવા માટે ગયા હતા.દરમિયાન ૭/૧૧ ના તેઓ જેસલમેર હતા.

ત્યારે સવારે પાડોશી અને સંબંધી અનિલભાઈ વાઘેલાનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તારા ઘરમાં તાળા તૂટેલા છે અને ચોરી થઈ હોય તેવું લાગે છે. જેથી આ બાબતે યુવાને તેના ભાઈ લલિત દાફડા તથા મામા આદિત્ય પરમારને ફોન કરી જાણ કરી હતી. જેથી બંને પોલીસ સ્ટેશન ગયા હતા અને યુવાન તથા તેનો પરિવાર રાજકોટ આવવા માટે નીકળી ગયો હતો.

ગઈકાલે રાત્રિના અઢી વાગ્યે તેઓ ઘરે પરત આવ્યા બાદ અહીં આવી જોતા ઘરનો દરવાજો ખુલ્લો હોય હોલમાં પડેલ ફરિયાદીના માતાની પતરાની તિજોરી તથા રૂમમાં રહેલી તિજોરી તૂટેલી હાલતમાં જોવા મળી હતી. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, ફરીયાદીના પત્ની કોમલબેનએ તિજોરીમાં રાખેલ સોનાની વીંટી, ચાંદીનો કંદોરો તથા ગલ્લામાં રાખેલ રૂપિયા ૪૦ હજાર રોકડ તેમજ તેમના માતાએ તિજોરીમાં તપાસ કરતા સોનાના જુના પાટલા તથા વીંટી અને ચાંદીની જૂની ઝાંઝરી જોવા મળી ન હતી. આમ કુલ રૂપિયા ૧.૧૩ લાખની મત્તાની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું.

ત્યારબાદ પાડોશીના ઘરમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા એક શખ્સ મોઢે રૂમાલ બાંધી અહીં ઘર પાસે પસાર થતો હોવાનું



દેખાયું હતું અને તે રાજનગર ચોક તરફ ગયાનું માલુમ પડ્યું હતું. આ મામલે યુવાને ફરિયાદ નોંધાવતા માલવીયાનગર પોલીસે ગુનો નોંધી, સીસી ટીવીના ફૂટેજમાં દેખાયેલા તસ્કરને શોધવા તપાસ શરૂ કરી છે.

## અવસાન નોંધ

**રાજકોટ :** આદિનાથ ડિસ્ટ્રીબ્યુટર્સ વાળા શ્રી મહેશકુમાર પ્રાણલાલ દેસાઈ ઉંમર વર્ષ ૮૪ તે સ્વ પ્રાણલાલભાઈ દેસાઈ ના સુપુત્ર તે સુરેખાબેન ના પતી અનિમેષ દેસાઈ તથા પ્રીમિયર સ્કૂલ વાળા નેહાબેન દેસાઈ , મેઘલ બેન દેસાઈ ના પિતા શ્રી તથા રંજીતા દેસાઈ ના સસરા તથા અભિષેક દેસાઈ ના દાદા તે શ્રી મહેન્દ્ર ભાઈ તથા વીરેન્દ્ર ભાઈ ચંપકલાલ કોઠારી ના બનેવી તે મધુભાઈ તથા મીનુભાઈ દેસાઈ ના ભાઈ નુ અવસાન થયેલ છે. સદગતનું ઉઠામણું તારીખ ૧૦.૧૧.૨૦૨૪ રવિવારે સમય સવારે ૧૦.30 કલાકે તેમજ પ્રાર્થના સભા ૧૧:00 વાગ્યાથી ૧૨:00 સુધી રાખેલ છે. સ્થળઃ રોયલ પાર્ક ઉપાશ્રય ,કાલાવાડ રોડ, રોયલ પાર્ક શેરી નંબર ૮ રાજકોટ.

સપ્તાહ પહેલા જ ચંદ્રેશનગરમાં થયેલી બબાલ અને મારામારીની....

# પોલીસ ફરિયાદ કરી હોત તો કમલેશ હેમખેમ હોત!

## યુવાનની હત્યા બાદ પોલીસને મળતી વિગતો : મૃતકના માતાની ફરિયાદ પરથી ગુન્હો નોંધી બંનેની વિધિવત ધરપકડ : હત્યામાં વપરાયેલા સાધનો કબજે



રાજકોટ મિરર, તા.૮

ગુરુવારે શહેરના ચંદ્રેશનગરમાં થયેલી યુવાનની હત્યામાં તપાસ દરમિયાન પોલીસને વિગતો મળી હતી કે સપ્તાહ પૂર્વેની બબાલ અંગે જો પોલીસમાં ફરિયાદ કરાઈ હોત તો કમલેશ રાઠોડનો જીવ બચી ગયો હોત. હાલ માલવિયા નગર પોલીસે કમલેશની હત્યામાં સંડોવાયેલા નિલેશભાઇ ઉર્ફે નિલીયો જીલુ ભિખુજી વાઘેલા, ઉ.વ.૩૪, ધંધો.મજુરીકામ, (રહે.ચંદ્રેશનગર) અને આશીષભાઇ ઉર્ફે પુંગો ભરત જેરામ ટાંક, ઉ.વ.૩૨, ધંધો.મજુરીકામ, (રહે.અમરનગર-૨)ને દબોચી લઈને, હત્યામાં વપરાયેલા ધોકા-પાઈપ જેવા હથીયારો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું એસીપી બી.જે.ચૌધરીએ ‘‘રાજકોટ મિરર‘‘ સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું.

મૃતકના માતા પારૂલબેન ઉર્ફે પારૂબેન વિનોદભાઇ રામજીભાઇ રાઠોડ ઉ.વ. ૫૦ રહે, ચામુંડાનગર શેરી નં-૨, ખીજડાવાળો મેઇન રોડ, યોગી ફરસાણની બાજુની શેરી, રાજકોટફરિયાદને આધારે માલવિયાનગર પોલીસે નીલેશ વાઘેલા અને આશિષ ઉર્ફે પુંગા સામે હત્યાનો ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે. ફરિયાદમાં પારુલબેને જણાવ્યું કે, તે પારકા કામ કરે છે. પતિ બૂટ-ચંપલ શીવવાનું કામ કરે છે. સંતાનમાં બે પુત્ર છે જેમાં મોટો કમલેશ હતો તે ખાનગી સિક્યુરીટીમાં નોકરી કરતો હતો. પારૂલબેન સવારે પારકા કામ કરવા માટે નીકળી ગઈ હતી તે પહેલા પુત્ર કમલેશ સવારે સાત વાગે ઘેરથી ચા-નાસ્તો કરીને નીકળી ગયો હતો. બપોરે ૩ વાગ્યા સુધી કમલેશ ઘરે ન આવતા પરુલ્બેને પતિ વિનોદભાઈને ફોન કર્યો હતો પણ વિનોદભાઈએ ફોન ઉપાડયો ન હતો. બપોરે ઘરે જમીને પારૂલબેન લક્ષ્મીનગર સોસાયટીમાં ઘરકામ કરવા માટે ગયા ત્યારે થોડીવાર પછી દેરાણી મીનાબેને ફોન કમલેશ ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યો હોય તેમ જણાવતા પારૂલબેન ઘરે ગયા બાદ દેરાણી અને પાડોશી સાથે રિક્ષામાં સિવિલ હોસ્પીટલે પહોંચ્યા હતા. પરતું કમલેશને સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત થયું હતું. કમલેશને જમણા હાથના અંગુઠા પાસે અને ડાબા હાથે કોણી પાસે છરી જેવા હથિયારથી ઈજા થયેલી હતી.

પારૂલબેને તપાસ કરતા પાડોશીઓ પાસેથી તેને જાણવા મળ્યું હતું કે, કમલેશ આજ સવારથી ચંદ્રેશનગરમાં રામ મંદિરવાળી શેરીમાં રહેતા નિલેશ વાઘેલા અને તેના મિત્ર આશિષ સાથે તેના ઘરે હતો. બપોરે તેઓ વચ્ચે ઝઘડો અને બોલાચાલી થઈ હતી. દેકારો થતા પાડોશીઓ નિલેશના ઘરમાં ગયા હતા જ્યાં કમલેશ લોહી લુહાણ હાલતમાં મળી આવ્યો હતો. બનાવ બાદ નિલેશ અને આશિષ ભાગી ગયા હતા. નિલેશ જીલુભાઈ વાઘેલા અને તેના મિત્ર આશિષે ઝઘડો કરી કમલેશ ઉપર હુમલો કર્યાનું ખુલ્યું હતું. ઢોર મારને કારણે કમલેશ બેભાન થઈ ગયા બાદ તેનું મોત થયું હોય આ બનાવ હત્યામાં પલટાયો હતો. સિવિલ હોસ્પિટલ પોલીસ દ્વારા માલવિયાનગર પોલીસને જાણ કરતા પીઆઇ દેસાઈ તેમજ એલસીબી,ક્રાઈમ બ્રાંચની ટીમ પણ હોસ્પીટલ અને ઘટના સ્થળે દોડી ગઈ હતી. બનાવ બાદ પોલીસે ગણતરીના કલાકોમાં જ નીલેશ અને આશિષને માલવિયા નગર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જે.આર.દેસાઇના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઈન્સ. એસ.એ. સિન્ધી તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ અજયભાઇ વિકમા તથા કૃણાલસિંહ ઝાલા તથા પો.કોન્સ. ભાવેશભાઇ ગઢવીને રાજકોટ શહેર માલવીયાનગર પો.સ્ટે. મર્ડરના ગુન્હાના આરોપીઓ રાજકોટ ચંદ્રશનગર ખીજળાવાળા રોડ ખાતે ઉભા હોવાની મળેલી બાતમી પરથી ત્યાંથી ઝડપી લીધા હતા.

### હત્યામાં સંડોવાયેલા બંને આરોપીને ઝડપી પાડનાર ટીમ

પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પો.કમી. પુજા યાદવ ઈ.ઝોન – ૨ તેમજ મદદનીશ પો.કમી. બી.જે.ચૌધરી (દક્ષીણ વિભાગ) દ્વારા આ ખૂનના ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા સુચના આપતા પો.ઈન્સ. જે.આર.દેસાઇ, પો.સબ.ઇન્સ. એસ.એ.સિન્ધી, એ.એસ.આઇ. હિરેનભાઇ પરમાર, પો.હેડ.કોન્સ. મહેશભાઇ રૂદાતલા, શૈલેષભાઇ ખીહડીયા, અજયભાઈ વિકમા, જયદેવસિંહ પરમાર, દિનેશભાઇ બગડા, કૃણાલસિંહ ઝાલા, પો.કોન્સ. ભાવેશભાઈ ગઢવી, મયુરદાન બાટી, જયદીપસિંહ ભટ્ટી, મનીષભાઇ સોઢીયા ચીત્રકેતુસિંહ ઝાલા મા.નગર પો.સ્ટે. સ્ટાફ રોકાયો હતો.

### નીલેશ સામે ૮ અને આશિષ સામે ૫ ગુન્હા

માલવિયા નગર પોલીસ સ્ટેશનના પીઆઈ જે.આર. દેસાઈએ જણાવ્યું હતું કે આરોપી નીલેશ ઉર્ફે નીલીયા સામે માલવિયા નગર પોલીસમાં જ દારૂ સહિતના ૮ ગુન્હા અગાઉ નોંધાઈ ચુક્યા છે. જ્યારે આરોપી આશિષ સામે દારૂ સહીત ૫ ગુન્હા નોંધાઈ ચુક્યા છે.

### બે મિત્રોએ જ ત્રીજા મિત્રને ઢાળી દીધો : ACP બી.જે.ચૌધરી




પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હત્યાનો ભોગ બનેલો કમલેશ અને નિલેશ બન્ને મિત્રો હતા. નીલેશની પત્ની કવિતા છેલ્લા પાંચેક માસથી પતિ અને બાળકોને મુકી ઘર છોડીને જતી રહી હતી. જેથી નિલેશને એવી શંકા હતી કે ગુમ થયેલી તેની પત્ની કવિતાને મિત્ર કમલેશ સાથે પ્રેમસંબંધ છે અને કવિતા કમલેશના ઘરે છે અથવા કમલેશને ખબર છે કે કવિતા ક્યાં છે. આ કારણસર બંને મિત્રો વચ્ચે સપ્તાહ પૂર્વે પણ બોલાચાલી થઈ હતી. બનાવના દિવસે નીલેશે મિત્ર કમલેશને ઘરે બોલાવ્યા પત્ની કવિતા બાબતે પૂછતા બન્ને વચ્ચે ઝઘડો થતાં નીલેશે તેના મિત્ર આશિષ સાથે મળી કમલેશ ઉપર છરીથી હુમલો કરી બન્ને ભાગી ગયા હતા. જો કે આ દિવસે જો પોલીસમાં ફરિયાદ કરાઈ હોત તો કમલેશનો જીવ બચાવી શકાયો હોત તેવું પોલીસે જણાવ્યું હતું. મૃતક કમલેશ અપરણિત હતો અને ખાનગી સિક્યુરીટીમાં નોકરી કરતો હતો તે બે ભાઈમાં મોટો હતો. કમલેશના નાના ભાઈ કેતન ઉર્ફે કલ્પેશ ઉર્ફે બચ્ચનનું છ માસ પૂર્વે અકસ્માતમાં મોત થયું હતું. કમલેશના પિતા વિનુભાઈ મોચીકામ કરે છે અને તેમને પણ બે દિવસ પૂર્વે હાર્ટએટેક આવ્યો હોય સિવિલ હોસ્પીટલમાં દાખલ ક્યાં હતા. દરમિયાન એસીપી બી.જે.ચૌધરીએ ‘‘રાજકોટ મિરર‘‘ને જણાવ્યું હતું કે, નીલેશ અને અશીષની ધરપકડ બાદ બંનેને મિત્રની હત્યામાં વાપરેલા ધોકા-પાઈપ જેવા સાધનો કબજે કરી તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

રાજ્યમાં વધુ એક વખત ખળભળાટ મચાવતી ઘટનાએ પોલીસને દોડતી કરી દીધી : અંબાજી નજીક છ હેવાનોએ આચર્યુ રાક્ષસી કૃત્ય

# પવિત્ર શક્તિપીઠ નજીક ૧૫ વર્ષની બાળા પર ગેંગ રેપ

## મોટા પપ્પાના ઘરે જઇ રહેલી બાળા એક ઓળખીતાના બાઇકમાં લિફ્ટ લીધીઃ પણ તે અવવારૂ જગ્યાએ લઇ ગયો, દૂષ્કર્મ આચર્યુંઃ બીજા પાંચને બોલાવતાં આ બધાએ પણ દેહ પીંખ્યો

રાજકોટઃ રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી દૂષ્કર્મ, છેડતી, પજવણી, સામુહિક દૂષ્કર્મની ઘટનાઓ વધી ગઇ છે. અનેક આવી ચોંકાવનારી ઘટનાઓએ રાજ્યભરમાં ખળભળાટ મચાવી દીધો હતો. નવરાત્રી વખતે વડોદરામાં બનેલી સામુહિક બળાત્કારની ઘટનાની શાહી હજુ સુકાઇ નથી ત્યાં હવે વિશ્વપ્રસિધ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે આવી જ એક ચોંકાવનારી ઘટના બનતાં પોલીસની ટીમો હવસખોરોને શોધવા કામે લાગી છે. એક સગીરાએ પોતાના મોટા પપ્પાના ઘરે જવા ઓળખીતા પાસે લિફ્ટ લીધી હતી. પણ આ ઓળખીતો તેને અવાવરૂ જગ્યાએ લઇ ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો. પછી પોતાના બીજા પાંચ સાગ્રીતોને બોલાવતાં એ પાંચેયએ પણ મોઢા કાળા કર્યા હતાં.

ચકચાર જગાવતી ઘટનાઓ રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી વધી ગઇ છે. તેમાં દૂષ્કર્મ જેવી ગુનાખોરીનો ગ્રાફ ઉંચો જઇ રહ્યો છે. સતત ચોરી, લૂંટ, હત્યાના બનાવોની સાથે સાથે બળાત્કારની ઘટનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં સગીરાને છ છ હવસખોરોએ બળાત્કારનો ભોગ બનાવી લેતાં ખળભળાટ મચી ગયો છે. સામૂહિક બળાત્કારની ઘટના સામે આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની રાહબરીમાં ટીમો કામે લાગી ગઇ છે અને હવસખોરોને દબોચી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઘટનાની વિગતો પર નજર કરીએ તો પંદર વર્ષીય સગીરા પોતાના મોટા પપ્પાના ઘરે જવા નિકળી હતી. તે દરમિયાન ઓળખીતા વ્યક્તિએ તેને બાઈક પર બેસાડી લીધી હતી.

સગીરાને આશા હતી કે આ ઓળખીતો તેને પોતાને જ્યાં જવુ છે ત્યાં મુકી જશે. પરંતુ ઓળખીતો અળવીતરો બન્યો હતો અને તેણીને



હવસખોરીને લીધે બાળા બેભાન થઇ જતાં બધા મુકીને ભાગી ગયાઃ અંબાજી પોલીસે ટીમો બનાવી દૂષ્કર્મીઓને શોધી કાઢવા મહેનત આદરી

અવાવરૂ જગ્યાએ લઈ જઈ દેહ પીંખી નાંખ્યો હતો. એ પછી આ હવસખોરે બીજા પાંચ નરાધમોને બોલાવતાં એ પાંચેયએ પણ સાથે મળીને સામૂહિક બળાત્કારને અંજામ આપ્યો હતો. આ ઘટનાને લઇને સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો છે. વધુ વિગતો જોઇએ તો પવિત્ર યાત્રાધામમાં કલંકરૂપ ઘટના સામે આવી છે. ઓળખીતો વ્યક્તિ પીડિતાને બાઈક પર લઈ ગયો હતો. ત્યાં છ નરાધમોએ રોડની બાજુમાં જ અવાવરૂ જગ્યાએ તકનો લાભ લીધો અને સગીરાને પીંખી નાખી હતી. જેના લીધે તે બેભાન થઇ ગઇ હતી.

પોલીસને આ ઘટનાની જાણકારી મળતાં જ તંત્રમાં દોડધામ મચી ગઇ હતી. માહિતી અનુસાર નરાધમો સગીરાને અર્ધબેભાન અવસ્થામાં મૂકીને ફરાર થઇ ગયા હતા. આ મામલે સગીરાની માતાએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અંબાજી પોલીસે તપાસ શરૂ કરી હાથ ધરી છે અને સગીરાના મેડિકલ ચેકઅપ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદમાં સગીરાની માતાએ આરોપી ઘોડા ટાંકણીનો વ્યક્તિ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. જે સગીરાને બાઈક પર બેસાડીને છાપરી રોડ પર અવાવરૂ જગ્યા લઇ ગયો હતો અને ત્યાં છ નરાધમોએ વારાફતી બળાત્કાર ગુજાર્યો હતો.

ચોંકાવનારી વાત એ છે કે સગીરા બૂમો ના પાડે તે માટે તેના મોંઢામાં ડૂચો લગાવી દીધો હતો. પવિત્ર યાત્રાધામમાં બળાત્કાર ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓ ફિટકાર વરસાવી રહ્યા છે. આરોપીને જલદીમાં જલદી પકડી કડકમાં કડક કાર્યવાહી માંગ કરવામાં આવી રહી છે. પોલીસે પણ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઇને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. શૈતાનોને શોધી કાઢવા પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી ગઇ છે.

# બિમારીથી કંટાળી નેપાળી યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

## ગુલાબવિહાર સોસાયટીનો બનાવ : તાલુકા પોલીસે શરુ કરી તપાસ



રાજકોટ મિરર, તા.૮

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીગબઝાર પાછળ ગુલાબ વિહાર સોસાયટીમાં રહેતા નેપાળી યુવાને બિમારીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુલાબવિહાર સોસાયટીમાં શ્રીનાથ રેસીડેન્સી એપાર્ટમેન્ટમાં ચોકીદારની ઓરડીમાં રહેતા કૈલાશ તુલબહાદુર સાઉસ (ઉ.વ.૩૬) નામના નેપાળી યુવાને આજે સવારે પોતાની ઓરડીમાં પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક કૈલાશ બે ભાઈ બે બહેનમાં મોટો અને તેને સંતાનમાં એક પુત્રી છે. વધુ તપાસમાં મૃતકને પરેલીસીસનો હુમલો આવી ગયો હોય જેથી બિમારીથી કંટાળી આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું છે.

**યુવાનનો આપઘાતનો પ્રયાસ**

અમરેલીના મેઘાપીપળીયા ગામના વતની કિશનભાઇ મોહનભાઇ મકવાણા નામનો ૨૬ વર્ષનો યુવાન બે દિવસથી તેમના પત્ની નેહાબેન સાથે રાજકોટ રામનાથપરાના નવયુગપરામાં રહેતા સસા દિનેશભાઇના ઘરે આવ્યા હતા ત્યારે પત્ની સાથે ચડભડ થતા કિશનભાઇએ ઝેરી દવા પી લેતા તેમને સિવિલ હોસ્પીટલે ખસેડવામાં આવ્યો છે. આ મામલે એ ડીવીઝન પોલીસે તપાસ શરૂ કરી હતી. પરિવારજનોએ જણાવ્યું હતું કે કિશનના ત્રણ વર્ષ પહેલા નેહા સાથે પ્રેમલગ્ન થયા હતા. કિશન બે ભાઇ એક બહેનમાં મોટો છે. તેઓ તહેવાર હોય જેથી રાજકોટ આવ્યા હતા. બન્ને કેટરર્સમાં સાથે કામ કરે છે.

# દુષ્કર્મનો આરોપ મૂકી યુવતીના બે ભાઈની યુવાનના ઘરે તોડફોડ

રાજકોટ મિરર, તા.૮

શહેરના રૈયા ગામમાં બહેન સાથે દુષ્કર્મ કર્યાના આક્ષેપ સાથે યુવતિના બે ભાઈઓએ જેના સામે દુષ્કર્મનો આક્ષેપ થયો હોય તેના ઘર ઉપર હુમલો કરી તેના માતા-પિતાને માર મારી ઘરમાં તોડફોડ કરતા સમગ્ર મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધ્યો છે. અને આ અંગે તોડફોડ કરનાર બન્ને શખ્સોની ધરપકડ કરવા તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ રૈયા ગામમાં જે.કે. ચોક પાસે રહેતા અને ઘરકામ કરતા રંભાબેન ભીખાભાઈ અઘારિયાએ નોંધાવેલ પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે રૈયા ગામમાં તેના ઘર નજીક જ રહેતા વાલજી ઉર્ફે પતાળિયો લાલજી સાડમિયા અને વનરાજ ઉર્ફે પોઠિયો લાલજી સાડમિયાનું નામ આપ્યું છે.



રૈયા ગામનો બનાવ : યુનિવર્સિટી પોલીસે શરૂ કરી તપાસ

રંભાબેને ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાના ઘરે હતા ત્યારે પાડોશમાં રહેતા મહિલાએ ઘરની બહાર બે શખ્સો ગાળો બોલતા હોવાનું જણાવતા રંભાબેન બહાર નિકળ્યા હતા. ત્યારે વાલજી અને તેનો ભાઈ વનરાજ ત્યાં ઉભા હતાં. રંભાબેન અને તેમના પતિ ભીખાભાઈએ ગાળો બોલવાની ના પાડતા બન્ને ભાઈઓએ રંભાબેનને કહેતા તમારા પુત્ર અર્જુને મારી બહેન સાથે દુષ્કર્મ કર્યુ હોય અને હાલ ગર્ભવતી હોય અને હવે લગ્ન કરવાની ના પાડે છે. તેમ કહીને માથાકુટ કરી હતી. યુનીવર્સીટી પોલીસે બખેડો કરી તોડફોડ કરનાર બંને શખ્શોની શોધખોળ આદરી છે.

**નાસતો ફરતો બુટલેગર પકડાયો**

આજીડેમ પોલીસમાં નોંધાયેલા દારૂના ગુન્હામાં નાસતા ફરતા બીજલ સોમા આલ (ઉ.વ.૩૦ રહે. અમરાપુર ગામ તા.વીંછીયા) ને આજે અમરાપુર ગામેથી રાજકોટની પેરોલ ફર્લો સ્કવોડની ટીમે પકડી પાડી આજીડેમ પોલીસને સોંપ્યો હતો.

# મોરબીની સબ જેલમાંથી ૪૦ ફાકી પકડાતા ચકચાર : જેલર ચુડાસમાને રાજકોટ મુકાયા

## મોરબી સબજેલના નવા જેલર તરીકે રાજપીપળાથી બાબરિયા મુકાયા

રાજકોટ મિરર, તા.૮

મોરબી સબજેલમાં વ્યાસની કેદીઓને ફાકીની સુવિધા મળતી હોવાની ફરિયાદો ઉઠ્યા બાદ જેલ આઈજી સ્કવોડ ત્રાટકતા ૪૦ ફાકી પકડાઈ હતી. આ વાતની તાકીદની અસરથી આ સબજેલના જેલર ચુડાસમાને મોરબીથી રાજકોટની મધ્યસ્થ જેલમાં બદલી કરાઈ હોવાની વિગતો મળી છે. કહેવાય છે કે કેદીઓને આવી સુવિધાઓ આપવા અંગે મોરબી જેલના જેલરની બેદરકારી સામે આવતા તેમની તાત્કાલીક અસરથી રાજકોટ જેલમાં બદલી કરવામાં આવી છે.

મોરબી સબ જેલમાં કેદીઓને અપાતી સુવિધાઓની ઉચ્ચ અધિકારીઓ સુધી ફરિયાદ ગયા બાદ જેલ આઈજી સ્કવોડ દ્વારા જેલની તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન મોરબી સબ જેલમાંથી ૪૦ ફાકી પકડાઇ હતી. આમ આવી ખામી સામે આવતા જેલ તંત્ર દ્વારા મોરબી સબ જેલના જેલર સુજાનસિંહ ચુડાસમાની તાત્કાલિક અસરથી રાજકોટ મધ્યસ્થ જેલમાં જેલર તરીકે બદલી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સુજાનસિંહ ચુડાસમાની વડોદરાથી દોઢેક મહિના પહેલા જ મોરબી જેલમાં બદલી કરવામાં આવી હતી. તેમની જગ્યાએ હવે રાજપીપળાથી એચ.એ. બાબરીયાની નવા જેલર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે એકાદ વર્ષ પહેલા જ રાજકોટની મધ્યસ્થ જેલમાં તમાકુ, બીડી, પાન, ફાકી સહિતના માદક પદાર્થો બેરોકટોક મળતા હોવાના અખબારી અહેવાલોને ધ્યાને લઈને રાજ્યના ગૃહખાતાએ આખા રાજ્યની જેલોમાં એક જ દિવસે સરપ્રાઈઝ ચેકિંગ કરાયું હતું પણ ત્યારે કોઈ અસરકારક પગલા ન ભરાતા મોટાભાગની જેલોમાં કેદીઓને જોઈએ તે સુવિધા પૂરી પાડવામાં જ આવે છે તેવા જાગૃતોના આક્ષેપો આજની તારીખે પણ બરકરાર હોવાનું કહેવું અનુચિત નથી.

પુજારા પ્લોટમાં રહેતા ૭૧ વર્ષના પ્રફુલાબેન કોટકે ગ્રાહકોને બતાવવા જાંગડ પેટે દાગીના આપ્યા હતાં તે પાછા જ ન દીધા

# વૃદ્ધાના ૮.૮૩ લાખના દાગીના દંપતી 'ચાઉં' કરી ગયુ

## આશાપુરાનગરના શોભનાબા, તેના પતિ કૃષ્ણાસિંહે ઠગાઈ કરી અને બે પુત્રો ધનરાજસિંહ, હિરેન્દ્રસિંહે મારી નાખવાની ધમકી દીધીઃ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ મિરર, તા.૮

શહેરના પુજારા પ્લોટ, પ્રેસીએસન્સી એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૦૯ ત્રીજા માળે રહેતાં પ્રફુલાબેન હસુભાઇ વલ્લભદાસ કોટક નામના ૭૧ વર્ષના વૃદ્ધા સાથે ૮.૮૩ લાખની ઠગાઈ કરવામાં આવતાં આશાપુરાનગરના દંપતી, પુત્ર સહિત ચાર વિરૂધ્ધ ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કરી ધરપકડની તજવીજ આદરી છે.

પોલીસે આ બનાવમાં પ્રફુલાબેનની ફરિયાદ પરથી શોભનાબા કૃષ્ણસિંહ રાયજાદા, કૃષ્ણસિંહ પ્રતાપસિંહ રાયજાદા, ધનરાજસિંહ કૃષ્ણસિંહ રાયજાદા તથા હીરેન્દ્રસિંહ કૃષ્ણસિંહ રાયજાદા (રહે.બધા આશાપુરાનગર શેરી નં.૧૬, ખોડીયાર ટેકરી પાસે, કોઠારીયા રોડ) સામે ફરિયાદ દાખલ કરી છે. વૃદ્ધાએ ચારેયને ત્રણ વર્ષ પહેલાં સોનાના દાગીના ગ્રાહકોને બતાવવા આપ્યા હતાં જે દાગીના પાછા ન આપી ખાઈ ગયા હતા. પ્રફુલાબેનએ ફરીયાદમાં જણાવ્યું છે કે હું ઉપર મારા પતિ હસુભાઇ તથા મારો મોટો દિકરો ઈલેશ ઉ.વ-૪૯ તથા તેની પત્નિ પ્રિતી અને તેના બે બાળકો સાથે રહું છું અને મારો નાનો દિકરો ભાવેશ ઉ.વ-૪૬ તેની પત્ની હીમાલી સાથે અલગ રહે છે. હું ઘરકામ કરૂ છું. આજથી આશરે ત્રીસેક વર્ષ પહેલા હુ તથા મારા પતિ બન્ને કપડા લે- વેચનો ધંધો કરતા હોય ત્યારે ખોડીયાર ટેકરી આશાપુરા નગરમાં રહેતા કૃષ્ણસિંહ પ્રતાપસિંહ રાયજાદા અમારી પાસે કપડા લેવા માટે આવતા હતા જેથી આ રીતે તેઓ સાથે પરીચય થયેલ હતો.

ત્યારબાદ કૃષ્ણસિંહની સગાઇ શોભનાબા (રહે. કાલંભડી) સાથે થયેલ હતી. એ પછી કૃષ્ણસિંહ તથા શોભનાબા બન્ને અમારે ત્યા કપડાની ખરીદી કરવા માટે આવતા હતા. બાદ કૃષ્ણસિંહ તથા શોભનાબા બન્નેના લગ્ન થયેલ હતા આ લગ્નમાં અમને પણ આમંત્રણ આપેલ હોઇ લગ્નમાં અમે ગયેલ હતા અને મે તથા મારા પતિ બન્નેએ કૃષ્ણસિંહના પત્ની શોભનાબાનુ કન્યાદાન કરેલ હતુ..

આ પછી આ શોભનાબા ઘરે બેઠા સોના-ચાંદીના દાગીના વેપારીઓ પાસેથી લઈ અને વેચાણ કરવાનુ અને બીજા ગ્રાહકોને વેચાણ માટે આપવાનુ અને તેની ઉપર તેને કમીશન આપવાનુ કામ કરતા હોય જેથી અમે કપડાનો ધંધો બંધ કરી દિધેલ હતો અને સાતેક વર્ષ પહેલા સોની વેપારીઓ પાસેથી સોના તથા ચાંદીના જાંગડથી એટલે ગ્રાહકને સોનુ બતાવવાનુ હાથ ઉછીના લઈને ગ્રાહકોને વેચાણ કરવાનુ શરૂ કરેલ હતુ. ત્યારે શોભનાબા અમારી પાસે ક્યારેક ક્યારેક સોના ચાંદીના દાગીનાઓ લઇ જતા અને આ દાગીનાઓ વેચી અને તેના નીકળતા રૂપીયા અમને આપી દેતા હતા અને હુ દાગીના અમારા જાણીતા સોની ભદ્રકાળી જવેલર્સ વાળા જેઓની આશાપુરા હોલ પાસે દુકાન છે તે અશ્વીનભાઇ પાસેથી ઘણી વખત સોના ચાંદીના દાગીના જાંગળ પેટે વેચવા માટે લઇ આવતી હતી.



દંપતીના એક ફ્રોડને લીધે અગાઉ સોની વેપારીએ આપઘાત કરતાં એ ડિવિઝન પોલીસે પકડતાં જેલની હવા ખાવી પડી હતી : લગ્ન વખતે શોભનાબાનું કન્યાદાન ફરિયાદી પ્રફૂલાબેને કર્યું હતું, એણે હવે ફૂલેકુ ફેરવ્યું

દરમિયાન ગઇ તા.૨૦/૦૪/૨૦૨૧ના રોજ શોભનાબા તથા તેના પતિ કૃષ્ણસિંહ બન્ને મારી પાસે સોનાના દાગીનાઓ મંગાવેલ જે દાગીનાઓમાં સોનાના ૦૯-ચેઇન તથા ૦૫-વીટી ગ્રાહકોને બતાવવા માટે મંગાવતા હુ આ સોનાના દાગીનાઓ ભદ્રકાળી જવેલર્સ વાળા અશ્વીનભાઇ પાસેથી લઇ આવેલ હતી. ત્યારબાદ બીજા દિવસે તા.૨૧/૦૪/૨૦૨૧ના રોજ કૃષ્ણસિંહ તથા તેના પત્ની શોભનાબા બન્ને મારા ઘરે આવેલ અને શોભનાબાએ કહેલ કે તમારી પાસે જે સોનાના દાગીના મંગાવેલ છે તે દાગીના સોનાના ચેઇન તથા વીટી આપી દો આમ કહેતા આ ૧૪-દાગીના જેનુ વજન ૨૪૨ ગ્રામ થતુ હતુ જેની આશરે કિ.રૂ.૧૩ લાખ જેટલી થતી હતી તે તથા મારા હાથમાં સોનાની બે બંગડી પહેરેલ હતી જે રૂ.૯૪,૫૫૦ કિંમતની હતી તે શોભનાબાને ગમી જતા હુ આ બંગડી ગ્રાહકને બતાવી દઇશ અને આ બંગડી તથા દાગીના તમને આવતી કાલે પરત આપી જઇશ તેવુ કહી આ શોભનાબા તથા તેમના પતિ કૃષ્ણસિંહ બન્ને જાંગડ પેટે ગ્રાહકને બતાવવા માટે લઇ ગયેલ હતા.

એ પછી બે-ત્રણ દિવસ જેટલો સમય વીતી જવા છતા આ શોભનાબા તથા તેના પતી કૃષ્ણસિંહ રાયજાદા બન્ને દાગીના પરત આપી ગયેલ ન હોઇ જેથી તેઓનો કોન્ટેકટ કરી અવાર નવાર દાગીના માંગવા જતા મે આપેલ દાગીના પરત આપેલ નહી પરંતુ સોનાના દાગીનાઓની રકમ પૈકી રૂ.૫,૧૧,૦૦૦ કટકે કટકે મને પરત આપેલ હતા. બાકીના દાગીનાઓની અનેક વખત તેઓના ઘરે જઇ તેમજ ફોનમાં ઉઘરાણી કરવા છતા અથવા જો દાગીના ન આપી શકો તો તે દાગીના પેટે રૂપીયા આપી દેવા શોભનાબા તથા તેના પતિ કૃષ્ણસિંહ સાથે વાતચીત કરેલ રૂબરૂ પણ મળેલ પરંતુ તેમ છતા બાકીના દાગીના કે દાગીના પેટેના નીકળતા રૂ.૮,૮૩,૫૫૦ પરત આપતા ન હતા.

ત્યારપછી શોભનાબા તથા તેના પતિ કૃષ્ણસિંહ પાસે કોઇ સોની વેપારીના દાગીના છેતરપીંડીથી મેળવી લીધેલ હોય તે પરત આપતા ન હોય જેથી સોની વેપારીએ સ્યુસાઇડ કરેલ હોય અને તે કેસમાં આ બન્ને પતિ-પત્નીની સામે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરેલ હોઇ અને તેમાં શોભનાબા તથા તેના પતિ કૃષ્ણસિંહ બન્નેને પોલીસએ પકડેલ હોઇ ત્રણેક મહીના જેટલો સમય જેલમાં રહેલ હતા. જેલમાંથી છુટતા શોભનાબા તથા તેના પતિ કૃષ્ણસિંહ પાસે દાગીના કે દાગીના પેટેના રૂપીયા લેવા માટે આજથી આશરે સાતેક મહીના પહેલા જતા આ કૃષ્ણસિંહના દિકરા ધનરાજસિંહ રાયજાદા તથા હીરેન્દ્રસિંહ રાયજાદા બન્નેએ મને તથા મારા પતિ બન્નેને સોનાના દાગીના કે રૂપીયા લેવા આવતા નહી નહીતર હાલત ખરાબ કરી નાખીશુ જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી અને એક જાપટ ભેગી બત્રીશી બહાર કાઢી નાખીશ તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપેલ હતી. ત્યારબાદ મે પોલીસમાં અરજી પણ કરેલ હતી.

શોભનાબા રાયજાદા તથા તેના પતિ કૃષ્ણસિંહ રાયજાદા અમારી પાસેથી સોનાના દાગીના વીટી તથા ચેઇન ૨૪૨ ગ્રામ કિ.રૂ.૧૩ લાખ તથા મારી બે સોનાની બંગડી રૂ.૯૪,૫૫૦ એમ કુલ રૂ.૧૩,૯૪,૫૫૦ના સોનાના દાગીના જાંગડ પેટે વિશ્વાસ આપી લઇ ગયેલ હોય આ દાગીનાની અવાર નવાર ઉઘરાણી કરતા રૂ.૫,૧૧,૦૦૦ કટકે કટકે આશરે એક-બે વર્ષ પહેલા આપેલ હોય બાકીના સોનાના દાગીના પેટેના રૂ.૮,૮૩,૫૫૦ અવાર નવાર ઉઘરાણી કરવા છતા પરત આપતા ન હોય અને રૂપીયાની ઉઘરાણી કરવા તેમના ઘરે જતા શોભનાબાના દિકરાઓએ ગાળો આપી મારી નાખવાની ધમકી આપેલ હોઇ મારી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી રૂ.૮,૮૩,૫૫૦ ના સોનાના દાગીના ઓળવી ગયેલ હોઇ ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં પ્રફુલાબેને જણાવતા પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એમ. સરવૈયા, પીએસઆઇ પી. એસ. ગોહિલ, નિલેશભાઈ મકવાણાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લોકોનો આધાર બન્યો નિરાધાર

મહાનગરપાલિકાએ મુંબઇ તથા ગાંધીનગર ખાતે સસ્પેન્શન કેન્સલ કરવા કરી રજૂઆત

જો સસ્પેન્શન કેન્સલ નહીં થાય તો વધુ એક માસ સુધી અરજદારોએ વેઠવી પડશે હેરાનગતિ

**મનપાના ૧૮ ઓપરેટરો સસ્પેન્ડ થતા કામગીરી પર અસર : અરજદારો 'હેરાન-પરેશાન'**






## ૨૩ ઓપરેટરો માટે ભરતી પ્રક્રિયા શરૂ : એક માસ બાદ તેઓ સંભારશે જવાબદારી : જોવાનું એ રહ્યું કે આ એક માસના સમયગાળામાં મહાનગરપાલિકા આધાર અંગે કઈ વ્યવસ્થા કરે છે ઉભી?

રાજકોટ, તા. ૮

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સંયુક્ત રીતે લોકોની સેવા અર્થે અનેકવિધ યોજનાઓની અમલવારી કરતી હોય છે ત્યારે આધાર કાર્ડ જેવી અનેકવિધ સેવાઓ હાલ પ્રવર્તિત છે પરંતુ ઘણા ખરા કિસ્સામાં ટેકનિકલ કારણોસર જે ઝડપ અને જે કાર્ય થવું જોઈએ તે થઈ શકતું નથી હાલ તાજેતરની જો ઘટના અંગે ચર્ચા કરવામાં આવે તો સમગ્ર રાજ્યમાં આધાર કાર્ડ ઓપરેટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેના કારણે સમગ્ર રાજ્યમાં આધાર કાર્ડ માં જે સુધારો કરવો હોય અથવા તો જે બદલાવ કરવો હોય તે માટે ઘણા ખરા પ્રશ્નો પર અરજદારોને ઉભા થાય છે. એટલું જ નહીં તંત્ર સામે રોષ પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. મહત્વનું એ છે કે હાલ જે સ્થિતિ ઊભી થઈ છે તેનું ત્વરિત નિવારણ અથવા તો નિરાકરણ લાવવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ શકે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. રાજકોટ મહાનગરપાલિકા ની જો વાત કરવામાં આવે તો મનપા કચેરી ખાતે હાલ લોકોની ખૂબ મોટી લાઈનો લાગેલી જોવા મળે છે અને અરજદારો ના મુખ ઉપર એક જ પ્રશ્ન છે કે શું કામ તંત્ર આટલી હેરાનગતિ ભોગવાવે છે.

મળતી માહિતી મુજબ સમગ્ર રાજ્યમાં કુલ ૬૯ ઓપરેટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે તેમાં એકમાત્ર રાજકોટ શહેરમાંથી જ ૧૮ ઓપરેટરો સસ્પેન્ડ થયા છે ત્યારે અત્યારે ત્રણેય ઝોનનું જે કામનું ભારણ છે તે સેન્ટ્રલ ઝોન ઉપર આવ્યું છે અને આધાર કાર્ડ કેન્દ્રમાં માત્ર ચાર ઓપરેટરો જ હાલ કાર્ય કરી રહ્યા છે. સામે લોકોની ભીડ અને ઈન્ટરનેટ ના પ્રશ્નો સતત સતાવે છે. ત્યારે સંબંધિત વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે આ અંગે રાજ્ય સરકાર અને મુંબઇ યુઆઇડીમાં રજૂઆત કરવામાં આવી છે અને ઓપરેટરોના સસ્પેન્શનને કેન્સલ કરવા માટેની માંગણી પણ કરવામાં આવેલી છે જો આવનારા એક કે બે દિવસમાં આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો રાજકોટમાં એક થી દોઢ મહિનો લોકોએ એટલે કે અરજદારોએ આધાર કાર્ડ માટે હેરાનગતિ વેઠવી પડશે તેમાં કોઈ રાહત રહેશે નહીં કારણકે જો નવી ભરતી કરવામાં આવે તો તે ભરતી માટે એક મહિના જેટલો સમય લાગી જાય પરંતુ વૈકલ્પિક વ્યવસ્થા ને ધ્યાને લઈને મ્યુનિસિપલ કમિશનરના આદેશથી ભરતી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ અંગે સંબંધિત વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં ૬૯ ઓપરેટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે જેમાં રાજકોટના સેન્ટ્રલ ઝોનના છ ઓપરેટરો વેસ્ટ ઝોનના છ ઓપરેટરો તથા ઈસ્ટ ઝોનના છ ઓપરેટરોનો સમાવેશ થયો છે. હાલ જે મુદ્દો ઊભો થયો તેમાંથી જ આ ઓપરેટરો ને દંડિત કરવામાં આવ્યા પરંતુ વાસ્તવિકતા તો એ છે કે તેમના દ્વારા જાણી જોઈને કોઈ ભૂલ કરવામાં આવી ન હતી આ તમામ જવાબો સરકારી વિભાગના છે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે હાલ લોકોને ઘણી ખરી તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ભવિષ્યમાં આ પરિસ્થિતિ નિર્માણ ન પામે તે માટે યોગ્ય પગલાં લેવા ખૂબ જરૂરી અને આવશ્યક બન્યા છે જે માટે ખરા અર્થમાં સરકારે અને સ્થાનિક પ્રશાસને ગંભીરતાપૂર્વક જ્ઞાન કેન્દ્રિત કરવું અત્યંત જરૂરી અને આવશ્યક છે.

### ૧ હજારનું રોજ પાડી આધાર માટે ધક્કા ખાઈ રહ્યો છું : નિલેશભાઈ ચાવડા



અરજદાર નિલેશભાઈ ચાવડાએ જણાવ્યું કે,આધારકાર્ડ માટે બે દિવસથી ધક્કા ખાઈ રહ્યો છું.નોકરી કરતો માણસ છું રોજનું રૂપિયા ૨ હજારનું મારું વેતન છે.બે દિવસથી મારુ વેતન કપાઈ છે.રૂપિયા ૨ હજારની મને નુકસાની આવી ગઈ છે. છતાં મારા આધાર માટેના ધક્કા શરૂ છે.મારા બાળકને આધારમાં નામ ફેરફાર કરાવવાનું છે.પૂરતું માર્ગદર્શન મળતું નથી બે કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ આધાર માટે જ્યારે વારો આવે છે ત્યારે સ્ટાફ દ્વારા અન્ય ડોક્યુમેટમાં સુધારો કરાવવા માટે કહેવામાં આવે છે.રોજ નિયમ બદલાય છે સ્ટાફ દ્વારા એવું કહેવામાં આવે છે.ફરી એ ડોક્યુમેન્ટમાં સુધારો કરવા જવા માટે અન્ય જગ્યા પર લાઈનમાં કલાકો સુધી ઉભું રહેવું પડે છે.બે દિવસથી એક આધાર કાર્ડમાં નામ સુધારવા જેવી બાબત માટે ધક્કા ખાવા પડી રહ્યા છે.શારીરિક માનસિક અને આર્થિક રીતે નુકસાની પહોંચી રહી છે.આધાર કઢાવવા માટે લાઈનોમાં ઊભા રહીને ધીરજ ખૂટતી જાય છે. સ્ટાફનો કોઈ યોગ્ય જવાબ મળતો નથી કાંઈ પણ પૂછવામાં આવે તો લાઈનમાં ઊભા રહો એવું જ કહેવામાં આવે છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આધાર કેન્દ્ર શરૂ કરવાની અત્યંત જરૂર છે.આધાર યુનિટોની જુદી જુદી જગ્યાએ કીટ શરૂ કરી દેવામાં આવે અને અમારા જેવા જરૂરિયાતમંદ લોકોને આધારની સવલત અને સગવડ સરળતાથી મળી રહે અને ઝડપભેર કામગીરી શરૂ થાય તંત્ર પાસે અમારી માંગ છે.

### આધાર અપડેટ માટે બે દિવસથી રઝડી રહ્યો છું : વંશ આણંદપરા



અરજદાર વંશ આણંદપરા જણાવ્યું કે આધાર અપડેટ કરાવવા માટે બુધવારના વહેલી સવારે ૭ વાગે વારો લખાવા ગયો હતો.ખાનગી કંપનીમાં નોકરી કરી રહ્યો છું. બુધવારે ૧૧ વાગે મારો વારો લેવામાં આવ્યો. સર્વર બંધ હોવાનું મને જણાવવામાં આવ્યું આજે બે દિવસથી ધક્કા ખાઈ રહ્યો છું આધાર કાર્ડ અપડેટ થયું નથી. પોસ્ટ ઓફિસ બંધ હતી. ગુરૂવારના વેસ્ટ ઝોન મહાનગરપાલિકાની કચેરીએ ગયો ત્યાં આધારની કામગીરી બંધ હતી.આખો દિવસ રજા પાડીને ખાધા પીધા વગર કોર્પોરેટરની સહી લઈને ડોક્યુમેન્ટ પૂરા કર્યા છે. એક દિવસ આખો હેરાન થઈ ગયા બાદ બીજા દિવસે જ્યારે સાંજે મારો વારો આવ્યો ૬ વાગી ગયા હતા.સ્ટાફ દ્વારા થોડું પણ કોપરેટ કરવામાં ન આવ્યું. ટાઈમ પૂરો થઈ જતા સ્ટાફે મને ફરી આગલા દિવસે આવવાનું કહ્યું અમે ચાર લોકો માત્ર હતા અમારી સાથે સિનિયર સિટીઝન પણ હતા આખો દિવસ જે અમે નોકરીમાંથી રજા લઈ વેતન કપાવીને માત્ર આધાર કાર્ડ અપડેટ કરવા પાછળ દોડાદોડી કરી રહ્યા છીએ સ્ટાફ દ્વારા કોઈ માનવતા વાદી વલણ દેખાવામાં આવ્યું નથી. આધાર કાર્ડ અપડેટ કરાવવું મારી માટે અત્યંત જરૂરી છે ધક્કા ખાવા પડી રહ્યા છે તંત્ર જો હવે આમાં ધ્યાન આપે તો અમારા જેવા લોકોની શારીરિક માનસિક અને આર્થિક નુકસાની થઈ રહી છે તેને અટકાવી શકાય છે.વહેલી તકે આધારની કામગીરી સરળ બનાવવાની તંત્ર પાસે માંગ છે.

### મનપાના સેન્ટ્રલ ઝોન ખાતે અરજદારોની લાંબી કત્તાર

રાજકોટ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનનું કામનું ભારણ હવે સેન્ટ્રલ ઝોન પર જોવા મળે છે ત્યારે કચેરી શરૂ થાય તે પૂર્વે જ અરજદારોની લાંબી લાઈનો જોવા મળી રહી છે ત્યારે સમય વધુ લાગતો હોવાના કારણે અરજદારોએ આધાર કેન્દ્ર ની કામગીરી સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી ન હોવાનું પણ જણાવ્યું હતું ત્યારે આ અંગે ખરા અર્થમાં રાજકોટ મહાનગરપાલિકાએ ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે જો આ આવનારા દિવસોમાં આ અંગે કોઈ નક્કર પરિણામ નહીં આવે તો આ સ્થિતિ વધુ વણસી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા એમ પણ અનેકવિધ મુદ્દાઓ માં ઘેરાયેલી છે ત્યારે ફરી એક વખત જો આ સ્થિતિ જ ઉદભવિત થઈ તો દોષનો ટોપલો મહાનગરપાલિકા પર ઢોળવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

### બે-બે દિવસથી ધક્કો ખાઈ રહ્યા અરજદારોની ધીરજ ખૂટી

રાજકોટ મહાનગરપાલિકા ખાતે આધારકાર્ડને લઇ જે લાંબી લાઈનો જોવા મળી રહી છે, તેમાં સૌથી મોટો મુદ્દો એ જ છે કે હાલ આ પૂરતા સ્ટાફ ના કારણે જે ઝડપથી કામગીરી થવી જોઈએ તે થઈ શકતી નથી એટલું જ નહીં બે બે દિવસથી અરજદારો ધક્કા ખાતા હોવાનું પણ સાંભળવા મળ્યું. મહત્વનું એ છે કે જો મહાનગરપાલિકા દ્વારા આ અંગે કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો ઘણું ખરું કામ નું ભારણ ઘટી શકે છે અને અરજદારોને પણ ન્યાય મળી શકે કારણ કે તેઓ ખૂબ લાંબા અંતર કાપીને તેઓ આધારકાર્ડ માટે આવતા હોય છે. બીજી તરફ અરજદારોએ પોતાની તકલીફો વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે પૂરતું માર્ગદર્શન ન મળતું હોવાના કારણે અરજદારો રજડી પડ્યા છે અને છતાં પણ મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી જે અત્યંત શર્મનાક છે. કારણ કે અપૂરતી વ્યવસ્થાના કારણે અરજદારોએ કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડે છે એટલું જ નહીં આ અરજદારો પોતાનો ધંધો રોજગાર છોડીને આધાર કાર્ડની કામગીરી ઝડપભેર પૂર્ણ થાય તે માટે દોડાદોડી કરે છે પરંતુ માત્ર ચાર ઓપરેટરો હોવાથી જ આ સમગ્ર કામને પૂર્ણ કરવું ખૂબ કપરું છે અને આ અંગેની વાસ્તવિકતા સંબંધિત વિભાગના અધિકારી પણ સ્વીકારી રહ્યા છે. તેઓએ પણ જણાવ્યું કે તેમના દ્વારા મુંબઇ અને રાજ્ય સરકારમાં આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર જવાબ મળ્યો નથી ત્યારે જ્યાં સુધી ઓપરેટરોની ભરતી નહીં થાય ત્યાં સુધી લોકોએ હેરાનગતિનો સામનો કરવો પડી શકે તેમ છે.

| રાજકોટ શહેરમાં કાર્યરત આધાર કેન્દ્રોની માહિતી | | |
|---|---|---|
| ક્રમનં. | સેન્ટર નામ | સેન્ટર સરનામું |
| ૧ | બેંક ઓફ બરોડા | હેબર રોડ, કોર્પોરેશન ચોક, રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૨ | બેંક ઓફ ઇન્ડિયા | બેંક ઓફ ઇન્ડિયા, પરાબઝાર, એમ. જી. રોડ, રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૩ | પંજાબ નેશનલ બેંક | પંજાબ નેશનલ બેંક, રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૪ | એચડીએફસી બેંક | એચડીએફસી બેંક ટીટેનીયમ બિલ્ડીંગ, યાજ્ઞિક રોડ, રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૫ | કોટક મેન્દ્રા બેંક | કોટક મેન્દ્રા બેંક જીમખાના રોડ રાજકુમારકોલેજ સામે જાગનાથ પ્લોટ રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૬ | પોસ્ટ ઓફીસ | મેઇન પોસ્ટ ઓફીસ, હરિહર ચોક પાસે રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૭ | યુટીઆઈ | યુટીઆઈ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેક્નોલોજી એન્ડ સર્વિસ, શોપ નં ૧૦૧, ૧૦૨, ૧૦૩ ઓર્બીટકોમ્પ્લેક્ષ, સદર રોડ, રાજકોટ ૩૬૦૦૦૧ |
| ૮ | યુનિયન બેંક ઓફ ઇન્ડિયા | યુનિયન બેંક, ભક્તિ નગર, રાજકોટ ૩૬૦૦૦૨ |
| ૯ | યસ બેંક | યસ બેંક, ભક્તિ નગર, રાજકોટ ૩૬૦૦૦૨ |
| ૧૦ | ઈંકયુટીસ બેંક | ઈંકયુટીસ બેંક, ગોંડલ રોડ, સત્યવિજયપટેલ આસ્કીમ પાસે, રાજકોટ ૩૬૦૦૦૨ |
| ૧૧ | પોસ્ટ ઓફીસ | ભક્તિનગર પોસ્ટ ઓફીસ, રાજકોટ ૩૬૦૦૦૨ |
| ૧૨ | બેંક ઓફ બરોડા | આજી ભક્તિનગર શાખા, રાજકોટ ૩૬૦૦૦૩ |
| ૧૩ | પોસ્ટ ઓફીસ | બેડી ગામ પોસ્ટ ઓફીસ, રાજકોટ ૩૬૦૦૦૩ |
| ૧૪ | પોસ્ટ ઓફીસ | પોસ્ટલકોલોની પોસ્ટ ઓફીસ, ગોંડલ રોડ, રાજકોટ ૩૬૦૦૦૪ |
| ૧૫ | યુનિયન બેંક ઓફ ઇન્ડિયા | યુનિયન બેંક ઓફ ઇન્ડિયા, કાલાવડ રોડ, રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૧૬ | કોટક મેન્દ્રા બેંક | કોટક મેન્દ્રા બેંક, જીવરાજ પાર્ક મેઈન રોડ, તુલસી ઈમ્પ્રિયા, સોપ નં. ૭-૮, રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૧૭ | એક્સીસ બેંક | એક્સીસ બેંક કાલાવડ રોડ, ૩૬૦૦૦૫ |
| ૧૮ | બેંક ઓફ ઇન્ડિયા | બેંક ઓફ ઇન્ડિયા રિવેરા કોમ્પ્લેક્ષ, કાલાવડ રોડ, જડુસ ચોક, રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૧૯ | બીએસએનએલ ઓફીસ | બીએસએનએલ ઓફીસ, કાલાવડ રોડ, રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૨૦ | ઇન્ડસઇન્ડ બેંક | ઈમ્પીરીયલ હાઈટ્સ, દુકાન નં. 5 અને 6, 150 ફૂટ રીંગ રોડ, રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૨૧ | પોસ્ટ ઓફીસ | પોસ્ટ ઓફીસ સૌરાષ્ટ્ર યુનિવરસિટી , રાજકોટ ૩૬૦૦૦૫ |
| ૨૨ | પોસ્ટ ઓફીસ | માધાપર પોસ્ટ ઓફીસ રાજકોટ ૩૬૦૦૦૬ |
| ૨૩ | પોસ્ટ ઓફીસ | ઘંટેશ્વર SRP કેમ્પ પોસ્ટઓફીસ રાજકોટ ૩૬૦૦૦૬ |
| ૨૪ | કર્ણાટક બેંક | નિર્મલા રોડ, રાજકોટ ૩૬૦૦૦૭ |
| ૨૫ | પોસ્ટ ઓફીસ | રૈયા રોડ, રાજકોટ ૩૬૦૦૦૭ |

### ૨૫ જગ્યા પર આધારના યુનિટ શોભાના ગાંઠિયા સમાન

રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા લોકોને કોઈ પણ પ્રકારની હેરાનગતિ અથવા તો અગવડતા નો સામનો ન કરવો પડે તે માટે ખાસ વ્યવસ્થા માત્ર મહાનગરપાલિકામાં જ નહીં પરંતુ શહેરમાં ૨૫ જગ્યા ઉપર કરેલી છે જેમાં રાષ્ટ્રીય અધિકૃત બેંકોની સાથો સાથ પોસ્ટ ઓફિસ નો પણ સમાવેશ થાય છે પરંતુ લોકો ત્યાં જતા ન હોવાનું અધિકારીઓ જણાવે છે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે જે ૨૫ જગ્યાઓ પર આધાર કાર્ડ માટેના કામ થાય છે ત્યાંના માત્ર લિમિટેડ ટોકન હોવાથી જે લોકોનો વારો આવી ગયો તેમનો આવી ગયો જ્યારે અન્ય ફરજદારો બાકી રહી જતા હોય છે અને તેઓએ ફરી વખત ધક્કો ખાવો પડે છે. ત્યારે અરજદારો નું માનવું છે કે જો સ્થાનિક પ્રશાસન ટોકનમાં વધારો કરે તો તેમની કામગીરી ઝડપભેર થઈ શકે છે. સરકાર અને સ્થાનિક પ્રશાસનનું માનવું છે કે લોકો મા તમને માત્ર મહાનગરપાલિકામાં આધાર કાર્ડ નું કામ કરવા માટે રાજી થાય છે જે ખરા અર્થમાં અયોગ્ય છે હવે હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ ફરજદાર હોય પોસ્ટ ઓફિસ ની સાથોસાથ રાષ્ટ્રીય અધિકૃત બેંકોમાં પણ જવું પડશે તો જ જે બેક લોગ અને અરજદારોને હેરાનગતિ વેઠવી પડે છે તેમાંથી તેઓને મુક્તિ મળશે.

---

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મંદિરોને નિશાન બનાવનારા ચોરટા અગાઉ પકડાતા શાંતિ હતી

# દેવસ્થાનો પર ડોળો નાખતી તસ્કર ટોળકી ફરી મેદાને

## એક જ ગામમાં એક સાથે આઠ મંદિરોને નિશાન બનાવ્યાઃ બીજી તરફ અન્ય મંદિરોમાં દાન પેટીઓ તોડી હાથફેરોઃ સીસીટીવી કેમેરાને આધારે તપાસ

**(દર્શનસિંહ જાડેજા દ્વારા)**
**રાજકોટ મિરર તા. ૭**

અમુક તસ્કરીયાઓ એવા હોય છે જે માત્ર અને માત્ર દેવસ્થાનો પર જ ડોળો નાખી ચોરીઓ કરે છે. અગાઉ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માત્ર મંદિરોને જ નિશાન બનાવતા ચોરટાઓને પોલીસે દબોચી લેતાં શાંતિ હતી. ત્યાં હવે ફરીથી તસ્કરીયાઓ મેદાનમાં આવી ગયા છે અને મંદિરોમાં ત્રાટકવાનું શરૂ કરી દીધુ છે. બે આવી ઘટના સામે આવી છે જેમાં એક જ ગામમાં એક સાથે આઠ મંદિરોમાં ત્રાટકી ચોરી કરવામાં આવી છે. તો બીજા સ્થળે એક મંદિરની દાનપેટીઓ તોડી ચોર હાથફેરો કરી ગયા છે.

વિગતો પર નજર કરીએ તો મંદિરોમાં ત્રાટકવાની શરૂઆત ચોરટાઓએ કચ્છ પંથકથી કરી છે. રાપર તાલુકાના ચિત્રોડ ગામે એક જ રાત્રિમાં એક સામટા આઠ જેટલા દેવ મંદિરોને તસ્કરોએ નિશાન બનાવી પોલીસને પડકાર ફેંક્યો છે. બીજા દિવસે સામુહિક ચોરીની ઘટના પ્રકાશમાં આવતા ગ્રામજનોમાં ચિંતા સાથે રોષની લાગણી ફેલાઇ હતી. બનાવમાં ચાંદીના છતર, માતાજીની મૂર્તિઓ ઉપર ભાવિકોએ ચડાવેલા વિવિધ ઘરેણાઓ અને દાન પેટીની રકમ તસ્કરો ઉઠાવી ગયા છે. આ અંગે ગાગોદર પોલીસની ટીમ સાથે ઇન્ચાર્જ આડેસર પીઆઇ વાળા ઘટનાસ્થળે દોડી ગયા છે અને જીણવટભરી તપાસ હાથ ધરી છે. કુલ કેટલી રકમની ચોરી થઈ છે તે વિધિવત ફરિયાદ દાખલ થયા બાદ જાહેર થશે.આ અંગે ગાગોદર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ ચિત્રોડ ગામે ગત રાતથી આજ સવાર સુધીના અરસામાં સાતથી આઠ જેટલા અલગ અલગ દેવ મંદિરોમાં ચીરીની ઘટના અંગે જાહેર થઇ હતી. આ અંગે સ્થાનિક સાથે આડેસર પીઆઇ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી



છે. ચિત્રોડ ગામના સામત ખોડના જણાવ્યા -માણે કુલ આઠ દેવ મંદિરોને તસ્કરોએ નિશાન બનાવ્યા છે.તેમાં આઈ દેવ માનું મંદિર, જેઠા શ્રી ગોગા મહારાજ, મોમાઇ માતાજી મંદિર, વાળુંદ સમાજનું મંદિર, -જાપતિ સમાજનું મંદિર, પટ્ટણી સમાજનું મંદિર, રાજપૂત સમાજનું મંદિર અને કોલી સમાજના મંદિરનો સમાવેશ થાય છે. વધુ તપાસ પોલીસ કરી રહી છે.બીજી તરફ ભરૂચના જ્યોતિનગર નજીક આવેલા જવાલેશ્વર મહાદેવ મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતું. જેમાં તસ્કરો મંદીરના પાછળના ભાગે આવેલો દરવાજો તોડી અંદર પ્રવેશ કરીને દાનપેટીનું તાળું તોડીને અંદાજીત ૧૫ થી ૨૦ હજારના દાનની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. આ મામલે મંદિર સંચાલકોએ સી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ભરૂચ જિલ્લામાં થોડા સમયથી તસ્કરો સક્રિય થઈને ચોરીઓને અંજામ આપી રહ્યા છે.

ભરૂચના જ્યોતિનગર પાસે જવાલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેમાં આસપાસ વિસ્તારમાં અનેક લોકો દર્શનાર્થે આવતા હોય છે. મંદીરમાં મુકવાની આવેલી દાનપેટી લોકો દાનની રકમ નાખતા હોય છે. ગતરોજ રાત્રીના તસ્કરોએ આ મંદિરને નિશાન બનાવ્યું હતું. જેમાં તસ્કરોએ મંદિર પાછળના દરવાજો તોડી મંદિરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મંદીરમાં રહેલી દાનપેટી તોડીને તેમાં રહેલા દાનની રકમની ચોરી કરીને અંધારામાં પલાયન થઈ ગયા હતાં.

સવારે મંદિરે પૂજા પાઠ કરવા આવેલા પૂજારીને મંદીરની દાનપેટી તૂટેલી નજરે પડતા તપાસ કરતા મંદિરમાં ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું.

આ અંગેની જાણ મંદિર થતા મંદિર સંચાલકોએ મંદિરની દાનપેટી માંથી અંદાજીત પંદરથી વીસ હજારની ચોરી થઈ હોવાનું અનુમાન લગાવી સી ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરી હતી. આ મમાલે સી ડીવીઝન પોલીસે મંદિરમાં રહેલા સીસીટીવી ફૂટેજ મેળવી તસ્કરોને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી.

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી લઘુમતી દરજ્જાને પાત્રઃ સુપ્રિમ

## લઘુમતીઓને યોગ્ય લાગે તે રીતે તેમની પોતાની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો અધિકાર છે



નવીદિલ્હી, તા. ૮

સુપ્રીમ કોર્ટની સાત જજોની બંધારણીય બેંચે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના લઘુમતી દરજ્જા પર ૪-૩ બહુમતીથી ચુકાદો આપ્યો હતો. ના વડા અસદુદ્દીન ઓવૈસીએ પણ આ આદેશ અંગે ખુશી વ્યક્ત કરી છે. તેણે ટ્વીટ કરીને લખ્યું કે, ભારતના મુસ્લિમો માટે આ મહત્વપૂર્ણ દિવસ છે. ૧૯૬૭ના નિર્ણયે એએમયુના લઘુમતી દરજ્જાને નકારી કાઢ્યો હતો, જો કે તે હકીકતમાં લઘુમતી હતી. એઆઈએમઆઈએમના વડાએ સોશિયલ મીડિયા પર એક મોટી પોસ્ટમાં લખ્યું છે કે ભારતના મુસ્લિમો માટે આ મહત્વપૂર્ણ દિવસ છે. ૧૯૬૭ના નિર્ણયે એએમયુના લઘુમતી દરજ્જાને નકારી કાઢ્યો હતો, જો કે તે હકીકતમાં લઘુમતી હતી. અનુચ્છેદ ૩૦ જણાવે છે કે લઘુમતીઓને યોગ્ય લાગે તે રીતે તેમની પોતાની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો અધિકાર છે.

તેમણે આગળ લખ્યું, લઘુમતીઓના પોતાને શિક્ષિત કરવાના અધિકારને યથાવત રાખવામાં આવ્યો છે. હું આજે ના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન આપું છું. યુનિવર્સિટીની સ્થાપના બંધારણ પહેલા કરવામાં આવી હતી કે સરકારના કાયદા દ્વારા કરવામાં આવી હતી તેનાથી કોઈ ફરક પડતો નથી. જો તેની સ્થાપના લઘુમતીઓ વતી કરવામાં આવી હોય તો તે લઘુમતી સંસ્થા છે. ભાજપની તમામ દલીલો ફગાવી દેવામાં આવી હતી. ઓવૈસીએ વધુમાં આરોપ લગાવ્યો કે ભાજપ આટલા વર્ષોથી ના લઘુમતી દરજ્જાનો વિરોધ કરી રહ્યું છે. તેણી હવે શું કરવા જઈ રહી છે? અને જામિયા પર હુમલો કરવાના દરેક સંભવિત પ્રયાસ કરવામાં આવ્યા છે, મદરેસા ચલાવવાના અમારા અધિકાર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. ભાજપે આત્મમંથન કરવું જોઈએ અને પોતાની રીત સુધારવી જોઈએ.

અંતમાં ઓવૈસીએ લખ્યું કે, મોદી સરકારે આ નિર્ણયને ગંભીરતાથી લેવો જોઈએ. તેમણે ને સમર્થન આપવું જોઈએ કારણ કે તે એક કેન્દ્રીય યુનિવર્સિટી પણ છે. જામિયાને વિદ્યાર્થી દીઠ રૂ. ૩ લાખ, ને પ્રતિ વિદ્યાર્થી રૂ. ૩.૯ લાખ મળે છે, પરંતુ ને રૂ. ૬.૧૫ લાખ મળે છે. જામિયા અને એ રાષ્ટ્રીય રેન્કિંગમાં સતત સારું પ્રદર્શન કર્યું છે. યોગ્ય સમર્થન સાથે, યુનિવર્સિટીઓ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત બની શકે છે. પરંતુ આ માટે મોદીએ તેમની સાથે ભેદભાવ કરવાનું બંધ કરવું જોઈએ. નું કિશનગંજ સેન્ટર છેલ્લા ઘણા સમયથી જર્જરિત છે. આ તરફ પણ તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ અને કેન્દ્રે શક્ય તેટલી વહેલી તકે કામગીરી શરૂ કરવી જોઈએ.

જો કે, ૨૦૦૫ માં, એએમયુ, પોતાને એક લઘુમતી સંસ્થા માનતા, મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં ૫૦ ટકા બેઠકો આરક્ષિત હતી, અને હિન્દુ વિદ્યાર્થીઓએ તેની વિરુદ્ધ અલ્હાબાદ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ૨૦૦૬માં હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં ને લઘુમતી સંસ્થા ગણી ન હતી. આ નિર્ણય બાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચી અને વર્ષ ૨૦૧૯માં આ મામલો ૭ જજોની બંધારણીય બેંચને મોકલવામાં આવ્યો.

હવે બેન્ચે ચુકાદો આપ્યો છે કે લઘુમતી સંસ્થા તરીકે નો દરજ્જો અકબંધ રહેશે. રસપ્રદ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે ૫૭ વર્ષ પહેલા આપેલા પોતાના જ નિર્ણયને પલટી નાખ્યો છે. જો કે, સર્વોચ્ચ અદાલતે, ૪૩ ની બહુમતીથી જણાવ્યું હતું કે ૨૦૦૬ના અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાની માન્યતા નક્કી કરવા માટે નવી બેંચની રચના કરવા માટે કેસના ન્યાયિક રેકોર્ડ સમક્ષ મૂકવો જોઈએ. જાણો શું હતો ૫૭ વર્ષ જૂનો નિર્ણય, સુપ્રીમ કોર્ટ અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ શું આપી દલીલો?



# રાજકોટ જીલ્લા વિસ્તારમાં રૂ.૩૧૪ લાખના ખર્ચે રીપેર કરાશે ચેકડેમો

## જીલ્લા પંચાયતના મહિલા પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ સરકારનો માન્યો આભાર

રાજકોટ મિરર, તા.૮

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ એક અખબારી યાદી માં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ખેતી અને ખેડૂતો ની સમૃધિ માટે એમએસપી માં વધારો સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અસરકારક રીતે અમલમાં લાવી રહીછે ત્યારે મુખ્યમંત્રીના ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ અધ્યક્ષ તથા કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર ની આ ખેડૂતલક્ષી તમામ યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોચાડી રહી છે અને આ તમામ યોજનાઓના લાભો તમામ લોકો સુધી પહોચાડવા માટે રાજકોટ જિલ્લા પંચાયત સતત કાર્યરત છે.

ત્યારે ભાજપ સરકાર નલ સે જલ યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ઘર ઘર સુધી પીવાનું પાણી અને સૌની યોજના ની વિવિધ લિંકો દ્વારા સિંચાઈ માટે ગામે ગામ માં નર્મદા ના પાણી પહોચાડી રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લાના સિંચાઈ માટેના નાના મોટા ચેકડેમોને રીપેરીંગ કરી પાણી ભરાવાની ક્ષમતા માં વધારો કરવાના હેતુ થી રૂ.૩૧૪ લાખના રીપેરીંગના કામો ને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા દ્વારા મંજુરી આપવામાં આવી છે.

આ અંતર્ગત વિવિધ ગામોના ડેમો ના રિનોવેશન માટે જેમકે કોઠારિયા ગામે માઇનર ઈરિગેશન માટે રૂ.૧૩.૯૭ લાખ બેડી ગામે માઇનોર ઈરિગેશન માટે રૂ ૧૯.૩૩લાખ,હડાળા ગામે માઇનોર ઈરિગેશન માટે રૂ ૫.૬૯ લાખ,નગર પીપળીયા ગામે માઇનોર ઈરિગેશન માટે રૂ ૩૧.૭૪ લાખ, હડાળા ગામે માઈનોર ઈરિગેશન માટે રૂ ૭૮.૨૧ લાખ લોઠડા,ખોરાણા,આણંદપર(નવાગામ) ચીભડાં ગામો ના માઇનોર ઈરિગેશન માટે કુલરૂ.૭૭.૬૮ લાખ તેમજ કુવાડવા ડેમ માટે રૂ. ૮૫.૮૫ લાખ મંજૂર કરવા માં આવ્યા છે .ઉપરોકત ચેકડેમો રીપેરીંગ તેમજ રિનોવેશન થવાથી આ ડેમો ની પાણી ભરાવા ની ક્ષમતા માં વધારો થવા ઉપરાંત આસપાસ ની જમીનોના તળ પણ ઊંચા આવસે જેનાથી આસપાસ ના ગ્રામ્ય વિસ્તારો ના ખેડૂતો ને સિંચાઈ માટે ખૂબજ લાભદાયી રહેશે.

આ કામો ને મંજૂરી આપવા બદલ રાજ્ય સરકાર મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, સંસદસભ્ય,ધારાસભ્ય તેમજ સંગઠનના હોદેદારો સહિત તમામનો આભાર જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણબેન રંગાણીએ વ્યક્ત કર્યો હતો.



# લેસ્ટરમાં રામ મંદીર ખાતે દિવાળીની ઉત્સાહભેર ઉજવણી કરતા બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન

## લેસ્ટરના લોહાણા મહાજનના પ્રમુખ ચેતનભાઈ અમલાણીએ સમગ્ર ભારતીયો વતી વડાપ્રધાનનો આભાર માન્યો

રાજકોટ મિરર, તા.૮

દિવાળીની ઉજવણી ભારતભરમાં ઉત્સાહભેર કરવામાં આવે છે ત્યારે સાત સમંદર પાર યુ.કે.ના ભારતીય મૂળનાં ભૂતપૂર્વ વડાપ્રધાન ઋષી સુનક તથા તેમના ધર્મપત્ની અક્ષતા મૂર્તિ સાથે લેસ્ટરમાં આવેલ રામમંદીર ખાતે સમગ્ર ભારતીયો માટે પ્રકાશનું પર્વ દિવાળીની ઉજવણી મંદીરના ભકતો તથા કમિટી મેમ્બર સાથે ખૂબ જ ધામધૂમ પૂર્વક કરી હતી તેમજ તેમની સાથે યુ.કે. ના યુવા સાંસદ અને વિશ્વભરનાં લોહાણા સમાજનું ગૌરવ એવા શિવાની રાજા તથા અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતા.

યુ.કે.ના લેસ્ટર લોહાણા મહાજનના પ્રમુખ ચેતનભાઈ અમલાણી અને અગ્રણીઓ દ્વારા મહેમાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રામમંદીર ખાતે દિવાળીની ઉજવણી કરતી વખતે વડાપ્રધાન ઋષી સુનક તથા તેમના ધર્મપત્ની અક્ષતા મૂર્તિ ભાવવિભોર બન્યા હતાં. આ પ્રસંગે લેસ્ટરમાં વસતા ભારતીય વેપારી અગ્રણીઓ, આમંત્રીત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં. આ પ્રસંગે રામમંદીર ખાતે ૧૨૦ અગ્રણીઓ સાથે ચોપડા પૂજનનો પણ લાભ લીધો હતો અને બધાને મળીને દિવાળીની શુભકામના પાઠવી હતી અને બધા મહેમાનો સાથે ફોટા પડાવ્યા હતા.

વધુ વિગત આપતા લેસ્ટર લોહાણા મહાજનનાં પ્રમુખ ચેતનભાઈ અમલાણી જણાવે છે કે, ભૂતપૂર્વ વડાપ્રધાન ઋષી સુનકને ઘણા વખતથી આમંત્રણ આપતા હતા અંતે અમારી મહેનતને સફળતા અપાવવા ભારતીય મુળના રઘુવંશી સમાજના યુવા સાંસદ શીવાની રાજા તથા ઋષી સુનકના પી.એ. અમીતભાઈ જોગીયાની મદદથી અમો આ વખતે દિવાળીની ઉજવણી ઋષી સુનક સાથે કરી શકયા તે સમગ્ર યુ.કે. માં વસતા તમામ ભારતીયો માટે ગૌરવની બાબત છે. જે બદલ ચેતનભાઈ અમલાણીએ લેસ્ટર લોહાણા મહાજન વતી ભૂતપૂર્વ વડાપ્રધાન ઋષી સુનક તથા સાંસદ શીવાની રાજા, અમીતભાઈ જોગીયા, ભકતો, કમિટી મેમ્બર, ઉપસ્થિત સર્વે અગ્રણીઓ, મહેમાનોનો આભાર માન્યો હતો.

# ટેકાના ભાવે મગફળીની ખરીદી ૧૧ નવેમ્બર થી થશે શરૂ

## CM પટેલ હિંમતનગર થી ખરીદીનો કરાવશે પ્રારંભ : વેચાણ માટે ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી : રાજ્યમાં ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો





રાજકોટ, તા. ૮

રાજ્ય સરકાર ખેડૂતોની આવક બમણી કરવા માટે દરેક સંભવત પ્રયત્ન અને પ્રયાસ કરી રહી છે ત્યારે ખેડૂતોને કોઈ આર્થિક તકલીફનો સામનો ન કરવો પડે તે માટે ટેકાના ભાવે જણસીઓની ખરીદી પણ સરકાર કરતી હોય છે ત્યારે ૧૧ નવેમ્બર થી રાજ્યના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવશે એટલું જ નહીં હિંમતનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવશે જે માટે હાલ ઓનલાઈન અરજીઓ પણ શરૂ થઈ ચૂકી છે અને લાઇન મારફતે ૩.૩૩ લાખ ખેડૂતોએ નોંધણી પણ કરાવી લીધી છે.

ગુજરાતમાં મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરી સુયોગ્ય આયોજન કર્યું છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

કૃષિ મંત્રીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૧૧ નવેમ્બરના રોજ એકસાથે રાજ્યભરના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે.

કોઈપણ અફવાઓ કે વાતોમાં આવ્યા વગર ટેકાના ભાવે વેચાણનો લાભ લેવા રાજ્યભરના ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી પટેલે કહ્યું હતું કે, ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે. ખેડૂતોની લાગણી અને માંગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે વેચાણ માટે નોંધણીની તારીખ લંબાવવામાં આવી છે. હજુ પણ નોંધણી કરાવવાની બાકી હોય તેવા તેવા ખેડૂતો આગામી તા. ૧૦ નવેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

# શિવ ટાઉનશિપ લોહાણા મહાજન સમિતિ દ્વારા ધામધૂમથી ઉજવાઈ જલારામ જયંતી

## શોભાયાત્રા, મહા આરતી-પ્રસાદનો લાભ લેતા અનેક રઘુવંશી પરિવારજનો





રાજકોટ મિરર, તા.૮

શહેરમાં શિવ ટાઉનશિપ લોહાણા મહાજન સમિતિ દ્વારા સૌ પ્રથમ વખત જલારામ જયંતી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ માટે આજે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. તેમજ યોજાયેલા વિવિધ કાર્યક્રમો જેવા કે સવારે ૮:૩૦ વાગ્યે અન્નકૂટ, બપોરે ૨ થી ૩ ની વચ્ચે સત્સંગ, સાંજે ૫ વાગ્યે ગ્રાઉન્ડમાં સત્સંગ રાખેલ છે. મહાઆરતી સાંજે ૭:૧૫ મિનિટે તેમજ મહાપ્રસાદ સાંજે ૭:૩૦ વાગ્યે આયોજન કરતા સેંકડો રઘુવંશી પરિવારજનોએ લાભ લીધો હતો.

શિવ ટાઉનશિપ જલારામ જયંતિ નિમિત્તે લોહાણા મહાજન સમિતિના જલારામ જયંતી ઉજવણી કાર્યક્રમને સફળ બનાવવા ભીખુભાઈ ગંગાદેવી, આનંદ તન્ના, ધર્મેશ માનસેતા, સાગર મસરાણી, પંકજ શિંગાળા, નરેન ચગ, રાકેશભાઈ, હિતેન્દ્રસિંહ, નીલેશ વસાણી વિગેરે ભારે જહેમત ઉઠાવી હતી.